Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૩૮ મું.
અંક ૪ થો

સંવત ૧૯૯૭
કારતક



પ્રકાશક—
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય


૧. જ્ઞાન કોયડો. ... ... ... (કવિ રેવાશંકર વાલજી બધેકા.) ૯૩
૨. શત્રુંજય પટ્ટદર્શન. ... ... ... (મુનિ શ્રી હેમેંદ્રસાગરજી મહારાજ.) ૯૫
૩. પ્રભુ સ્તુતિ. ... ... ... ... (આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.) ૯૬
૪. આનંદની ભ્રમણાથી દુઃખ ભોગવતી દુનિયા. ( ,, ) ૯૭
૫. શ્રી શ્રુતજ્ઞાન. ... ... ... ... (પં. શ્રી ધર્મવિજયજી મહારાજ.) ૧૦૧
૬. અહિંસાનું માહાત્મ્ય. ... ... ... ... ... ... ૧૦૩
૭. પરમાત્માનું અધિરાજ્ય. ... ... ... (બાબુ શ્રી ચંપતરાયજી જૈની) ૧૦૪
૮ પ્રભુ મહાવીરે મોહમસ્ત જગતને ત્યાગધર્મ જ કેમ આપ્યો?(મુનિશ્રી હંસસાગરજી મહારાજ.) ૧૦૭
૯. કેટલાક કલ્યાણ-સૂત્રો. ... ... ... ... (અનુઃ અભ્યાસી બી. એ.) ૧૧૧
૧૦ પદકજ નિવાસની તમન્ના ... ... ... ... (લે. રા. ચોકસી.) ૧૧૪
૧૧. સ્વીકાર સમાલોચના. ... ... ... ... ... ... ૧૧૭
૧૨. વર્તમાન સમાચાર. ... ... ... ... ... ... ૧૧૮


---

**અમારા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને પાંચ ગ્રંથો આ વખતે ભેટ આપવાના છે. આવતે માસે તેના નામો અને વિશેષ હકીકત પ્રકટ કરવામાં આવશે.**

---


છપાય છે ! છપાય છે ! ! છપાય છે ! ! !

## શ્રી તપોરત્ન મહોદધિ.

( આવૃત્તિ બીજી )

આ ગ્રંથમાં ૧૬૧ પ્રકારના તપોનું વર્ણન શાસ્ત્રાનુસારે વિધિવિધાન સહિત આપવામાં આવેલું છે. આ ગ્રંથમાં લખેલ વિધિ પ્રમાણે અનેક સ્થળોએ તે તપોની ક્રિયા થાય છે તેથી બહુ ઉપયોગી થઇ પડવાથી અનેક મુનિમહારાજાઓ વગેરેની વિશેષ માંગણીઓ આવવાથી આ તેની બીજી આવૃત્તિ છપાય છે. દરમ્યાન સર્વે મુનિમહારાજોને વિનંતિ છે કે પ્રથમ આવૃત્તિમાં કોઇ તપ કે તેની વિધિમાં અપૂર્ણતા, અશુદ્ધિ કે કંઇ સુધારોવધારો કરવા જેવું હોય તો કૃપા કરી અમોને લખી મોકલવું. પોષ માસમાં આ ગ્રંથનું છાપકામ શરૂ થશે.

લખોઃ-**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


તૈયાર છે ! તૈયાર છે !! તૈયાર છે !!!

## શ્રી આત્માનંદ જૈન ગ્રંથમાળા રત્ન ૮૬ મું.

श्रीमद् देवेन्द्रसूरिरचितस्वोपज्ञटीकोपेतः

# शतकनामा पचमः (पांचमो) कर्मग्रंथः ।

तथा

श्री मलयगिरिसूरिप्रणीतविवरणोपेतः श्री चिरन्तनपरमर्षिप्रणीतः

## सप्ततिकानामा षष्ठः (छट्टो) कर्मगंथः ।

સંપાદક.

પૂજ્ય પ્રવર્તકજી મહારાજ શ્રી કાન્તિવિજયજી મહારાજના સુશિષ્ય **મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજ.**

અમારા તરફથી પ્રથમ શ્રી દેવેન્દ્રસૂરિકૃત ચાર કર્મગ્રંથ ( પ્રથમ ભાગ ) પ્રકટ થયેલ હતો તેનો આ બીજો ભાગ ઉપરોક્ત પાંચમો તથા છઠ્ઠો કર્મગ્રંથ સાથે તૈયાર થઇ ગયેલ છે.

પ્રાચીન સંસ્કૃત–પ્રાકૃત ભાષા અને સાહિત્યના નિષ્ણાત વિદ્વાન મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજે ઘણો જ પરિશ્રમ લઇ આ પાંચમા તથા છઠ્ઠા કર્મગ્રંથનું ઊંચા પ્રકારનું સંશોધન કરેલ છે. તેઓશ્રીની સંપાદન કૃતિના અનેક પ્રકટ થયેલ ગ્રંથોની વિદ્વાનવર્ગોએ પ્રશંસા કરેલી છે. તેઓશ્રીના સુશિષ્ય અને બાળબ્રહ્મચારી ચારિત્રપાત્ર સાક્ષરવર્ય પૂજ્યશ્રી પુણ્યવિજયજી મહારાજનો પોતાના પૂજ્ય ગુરુવર્ય સાથે આ સંપાદનકાર્યમાં અમૂલ્ય ફાળો છે. સંપાદક મહાપુરુષ સાહિત્ય સંશોધન માટે અપરિમિત ઉદ્યમશીલ, ભાષા અને સાહિત્યના અપૂર્વ નિષ્ણાત હતા અને તેમનું જીવન જૈન સમાજને કેટલું ઉપકારક હતું તેની જાણ માટે તેઓશ્રીના સુશિષ્ય શ્રી પુણ્યવિજયજી મહારાજે સત્યરૂપે જ લખેલ જીવનચરિત્ર ( તેઓશ્રીની છબી સહિત ) આ ગ્રંથમાં પ્રકટ થએલ છે જે ખાસ વાંચવા ભલામણ કરીએ છીએ.

આ ગ્રંથમાં પ્રથમ સંકેત સ્પષ્ટીકરણ અને પછી ગુજરાતી ભાષામાં પ્રસ્તાવના આપવામાં આવેલી છે. જેમાં આ ગ્રંથને અંગેનું વક્તવ્ય, છઠ્ઠાકર્મ ગ્રંથનું નામ, ગ્રંથકારો, સપ્તતિકાના પ્રણેતા, ટીકાકાર શ્રી મલયગિરિ મહારાજને વિષે હકીકત અને તેઓશ્રીના રચિત પ્રકટ અપ્રકટ અલભ્ય ગ્રંથોના નામો અને સંશોધનના કાર્ય માટે એકત્ર કરેલી હસ્તલિખિત પ્રતો વગેરેનું વર્ણન સાક્ષરવર્ય **મુનિરાજશ્રી પુણ્યવિજયજી** મહારાજે લખી આ ગ્રંથનો સુંદર પરિચય કરાવેલ છે. ત્યારબાદ બંને ગ્રંથોનો વિષયાનુક્રમ અને પછી કર્મગ્રંથ મૂળ ટીકા સાથે શરૂ થાય છે. છેવટમાં શાસ્ત્રીય અવતરણની તથા તેમાં આવેલા ગ્રંથોના નામોની સૂચિ, ગ્રંથકર્ત્તાના નામની સૂચિ, પારિભાષિક શબ્દોની અનુક્રમણિકા, અકારાદિ લીસ્ટો પરિશિષ્ટોમાં આપેલા છે અને છેવટે છ કર્મગ્રંથોના અંતર્ગત વિષયોની તુલના દિગંબરી કયા શાસ્ત્રોમાં છે તેના સ્થળનિર્દેશો આપી આ ગ્રંથ સંપૂર્ણ કર્યો છે.


સુંદર શાસ્ત્રીય અનેકવિધ ટાઇપોમાં, ટકાઉ ઊંચા એન્ટ્રીક કાગળો ઉપર છપાવી, પાકા કપડાના બાઇન્ડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. આ ગ્રંથ સંશોધન કાર્યના અમૂલ્ય પ્રયત્ને તદ્દન શુધ્ધ અને સુંદર પ્રકટ થયેલ છે. કિંમત રૂા. ૪–૦–૦ પોસ્ટેજ જુદું.

લખોઃ—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક : ૩૮ મું : આત્મ સં. ૪૫ : વીર સં. ૨૪૬૭ : કારતક :
અંક : ૪ થો : * * વિક્રમ સં. ૧૯૯૭ : નવેંબર :

## જ્ઞાન કોયડો

### [ જૂનું કયાં ગયું ? નવું કયાંથી આવ્યું ? ]

હરિગીત છંદ.

બેઠું નવું, જૂનું ગયું, આજે વરસ સૌએ વદે,
જૂના—નવાનો ભેદ કૈં, શાણા જનો સમજે હૃદે;
જૂનું ગયું, તો કયાં ગયું ? કયાંથી નવું આવી ઠર્યું,
એ ગહન ઊંડા કોયડાનું, તત્ત્વ કો કહેશો ખરું ? ૧

એ સૂર્ય છે, એ ચન્દ્ર છે, એ પૃથ્વી એ આકાશ છે,
તારાગણો પણ એ જ છે, એ વસ્તીને એ વાસ છે;
પાવક-પવન-પાણી બધાં, નિજરૂપમાં દેખાય છે,
પ્રાણી સકળની તન ક્રિયાઓ, નિત્યસમ વર્તાય છે. ૨

કશુંએ નવું તો છે નહીં, તો પણ વરસ આજે નવું !
શા કારણે કહેવાય છે ? આશ્ચર્ય એ મુજને હવું;
ક્ષણભર જગતજંજાળને, અળગી કરી, શાંતિ ધરો,
અદ્દભૂત કૃતિ અવિનાશની, ઉરનયન તે માંહે કરો. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનવજીવનની આરસીનું, સૂક્ષ્મ અવલોકન કરો,
તો ગહન ઊંડા પ્રશ્નનો, ઊકેલ કૈં જડશે ખરો;
અગણિત આ બ્રહ્માંડ, પણ ગતિ સર્વની છે માપમાં,
અવિછિન્ન એ ચાલે સદા, દૈવી માપના જ પ્રતાપમાં. ૪

પ્રાણીતણાં—ને—કાળનાં, એ માપ કુદરતે કર્યાં,
એ માપનાં નામો વિવિધ, જાહેર જગમાંહે ઠર્યાં;
છે અલ્પ જીવન આપણાં, તરવો ભવાબ્ધિ આકરો,
માટેજ સમયે-સમયનાં લઇ, માપ સૌ કાર્યો કરો. ૫

આજે નવું બીજું નથી, પણ **પ્રેરણા** નવી એ જ છે,
એ પ્રેરણાઓ સમજવી, આ પ્રશ્નનું ખરું તેજ છે;
રહેણી અને કરણીતણી, સન્મુખ રાખો આરશી,
સમજો **જમા-ઉધાર** તો, ચિંતા રહેશે નહીં કશી. ૬

છે જગત ન્યાયાધીશની, ઑફિસ નિર્મળ ન્યાયની,
ત્યાં છે કસોટી કર્મકેરી, રંક ને વળી રાયની;
ક્ષણ-ક્ષણતણાં નોંધાય છે, સૌ કર્મ દૈવી—દફતરે,
એ ગુપ્ત પણ અમરત્વ લેખો, કોઇ કાળે ના ફરે. ૭

સરવૈયું કાઢો સામટું, નિજ **પુણ્ય** ને વળી **પાપ**નું,
નૂતન વરસનું એ જ ફળ, માનવજીવનના માપનું;
લ્યો ! હાથમાં આજે નવો, ચોખ્ખો હિસાબી ચોપડો,
કરશો ન તેને **ભ્રષ્ટ**, એ ઉપદેશ છે સૌથી વડો. ૮

સ્વધર્મ ને સત્કર્મથી, ઊંચી કમાણી આદરો,
તો તો ઊંડા આ કોયડાનો, સફળ પ્રત્યુત્તર ખરો;
જૂનું કશુંય ગયું નથી, નૂતન નથી આવ્યું કશું,
પણ ભૂત-વર્ત—ભવિષ્યનું, સાચું સ્વરૂપ હૃદે વસ્યું. ૯

દોહરો.

સમય માપ સમજાવવા, નવું-જૂનું એ નામ;
સમજી સત્કર્મો કરે, તેને કરું પ્રણામ. ૧

સં. ૧૯૯૭
નૂતન વર્ષ.
ભાવનગર-વડવા.

લી૦ તત્ત્વચિંતક,
**રેવાશંકર વાલજી બધેકા.**
ધર્મોપદેશક, ઉજમબાઇ કન્યાશાળા—ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શત્રુંજય પટ્ટદર્શન

### પ્રતિકૃતિ.

( શિખરિણી )

નિહાળી જે શોભા કયમ જ ભુલુ શત્રુંજયતણી,
જયહાં પાદો માંડ્યા ઋષભ જિનદેવે શુભ ગણી;
નિહાળ્યાં જે દ્રષ્યો વિમલગિરિમાં સૌ સુખભર્યાં,
ન ભૂલાયે સર્વે વિવિધ દિશનાં દર્શન કર્યાં. ૧

રચાવ્યા પ્રાસાદો ભરત નૃપતિએ સબળ જે,
વધાવ્યું મોતીએ પુનિત સમજી તીર્થસ્થળ એ;
ઠરે હૈયાં ભાવે દરશન કરી સૂર્યવનનાં,
ઘડી તો ભૂલાયે અતિશ દુઃખદો તાપ તનના. ૨

ટળે પાપો તાપો શુચિ સુરજકુંડે ય કીડવું,
જગહાં ન્હાતાં ચન્દ્રે દુઃખરૂપ તજ્યું કુક્કુટપણું;
મનુષ્યત્વે આવ્યા અતુલ મહિમા કુંડ ધરતો,
ખરે ગંગા જેવો શુચિજલ દુઃખો કુંડ હરતો. ૩

વર્યા સિધ્ધિ આંહી ભરત નૃપ ને પાંડવ બધા,
અને એવું પામ્યા પરમપદ શ્રી રામ સુખદા;
પ્રતાપી પુણ્યાર્થી ગણધર હતા પુંડરીક જે,
મુનિ કોટી પાંચે અનુપમ ગયા અવ્યય–સુખે. ૪

વિના નેમિ આંહી વિમલગિરિ તીર્થંકર ગયા,
ઘણા આત્માર્થીએ પુલકિત બની મંદિર રચ્યાં;
નથી આજે કોઈ અવની ઉપરે એ નરવીરો,
છતાં કીર્તિ તેની અમર ઝળકે, તે ઉર ધરો. ૫

રૂડી પૂર્ણિમાએ પટ દરશની કાર્ત્તિકતણી,
ખરે ભવ્યો માટે, પરમ શુભ ને પાવન ગણી;
રચ્યાં ચિત્રો, સ્થાનો, નયનહર ચિત્રો નિરખતાં,
ખરે ભાવે પ્રેમે મનુજ ઉર ત્યારે હરખતાં. ૬

ખરી યાત્રા જાણું સ્થળ પુનિત સિધ્ધાચલ વિષે,
અને શોભા સર્વે સુરસદન જેવી શુભ દીસે;
સુહાતી શેત્રુંજી ઉદધિ ઉર મધ્યે ભળી જતી,
મનુષ્યોની એવી જિનવર વિષે હો શુચિ ગતિ. ૭

પટદર્શે થતો મુગ્ધ, જાગે ઉત્તમ કલ્પના,
પૂજકો ધન્ય! જે પૂજે, હેમેન્દ્રે એ ભાવના. ૮

મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# " પ્રભુ ...સ્તુતિ. "

વિશ્વેશ આપ ભવતારક છો જ મારા,
જાણી ગ્રહ્યા પ્રભુજી મેં ચરણો તમારા;
આપો મને સુમતિ દેવ સદા કૃપાળુ,
જેથી કરી કુમતિનું સહુ જોર ટાળું. ૧

જન્માંતરો કરી ઘણા બહુ કાળ ખોયો,
તોયે નહિં હજી સુધી ભવ અંત જોયો;
કયારે થશે તુજ સમો પ્રભુ આત્મ મારો ?
બોલો હવે પ્રભુ ! નહિ ઘણું મૌન ધારો. ૨

યત્નો કર્યા નથી તને પ્રભુ ભેટવાને,
હું શું કરું હવે કહો સુગતિ જવાને ?
જાણું નહિં કઇ દિશા પકડું હું નાથ !,
આવી મળું ઝટ દઇ પ્રભુ આપ સાથ. ૩

કષ્ટે કરી મનુજજન્મ મને મળ્યો છે,
માનું મનોરથ પ્રભુ સઘળો ફળ્યો છે;
આજ્ઞા ન માની કદીયે પ્રભુ મેં તમારી,
એળે ગયો ભવ અરે ! તમને વિસારી. ૪

સ્તુત્ય પ્રભુ સ્તવન પૂજન મેં તમારું,
કીધું નથી ભવ-સમુદ્રથી તારનારું;
તોએ પ્રભુ તરી જવા બહુ રાખું આશ,
તારો મને હવે નહિ કરશો નિરાશ. ૫

રક્ષા કરો દુઃખદ દુર્ગતિયો નિવારી,
જે મેં કર્યા પ્રભુ ગુન્હા સહુ તે વિસારી;
યાચું નહિં અવર હું પ્રભુ આપ પાસ,
આપો મને પ્રભુ તમે શિવસદ્મવાસ. ૬

સૂના મને પ્રભુ કરું સહુ ધર્મકામ,
પામું ન મૂલ્ય પ્રભુ હું ફુટલી બદામ,
તોયે દયાનિધિ મને મળશે તમારી;
શ્રધ્ધાથકી નિજ ગુણો શુધ્ધ આત્મ ધારી; ૭

રિધ્ધિ મળી સહુ મને હતી જે વિસારી,
માનું દયા થઇ ઘણી પ્રભુજી તમારી;
લીધું નથી હજી સુધી પણ ધામ તારું,
લાગ્યું રહે મન ઘણું પ્રભુ તે જ સારું. ૮

આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લે૦ આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

# આનંદની ભ્રમણાથી દુઃખ ભોગવતી દુનિયા.

વસ્તુસ્થિતિથી અણુજાણુ દુનિયાનો આનંદ પરાધીન રહેલો છે. આ આનંદ મેળવવાને માણુસોને ઘણુંજ દુઃખ સહન કરવું પડે છે. જ્યાં સુધી એક માણુસની પ્રવૃત્તિ તથા કાર્યને બીજા માણુસો રાજી થઇને વખાણે નહિ ત્યાં સુધી તેને આનંદ મળી શકતો નથી, અર્થાત્ આનંદ મેળવવાનો આધાર અન્ય માણુસોને આપણું કાર્ય ગમવા ઉપર રહેલો છે. આ ઉપરથી સ્પષ્ટ જણાય આવે છે કે આપણે જે કંઇ કરીએ છીએ તે બીજાને રાજી રાખવા માટે જ.

માણુસને જીવનનિર્વાહ માટે બે વસ્ત્ર, શેર અનાજ અને રહેવાને સાધારણુ મકાનની જરૂરત ખરી, બાકી તો ધનસંપત્તિનો વધારો બીનઉપયોગી હોવાથી વ્યર્થ છે; કારણુ કે ધનસંપત્તિના વધારાથી આયુષ્ય કે આરોગ્યતામાં વધારો થતો નથી. આમ હોવા છતાં પણુ માણુસો આનંદ મેળવવાની ખાતર અનેક પ્રકારનાં કષ્ટો સહન કરીને દ્રવ્ય ઉપાર્જન કરે છે અને પછી લોકને ગમે તેવી વસ્તુઓ તૈયાર કરવામાં તેનો ઉપયોગ કરે છે. લોકો મનગમતી વસ્તુઓ જોવાથી રાજી થઇને તે વસ્તુના માલીકના વખાણુ કરે છે જેને સાંભળીને પોતે આનંદ માને છે.

ગરીબ માણુસો સાદો ખોરાક અને સાદાં વસ્ત્રો મેળવવા પૂરતું ધન કમાવાની ચિંતાવાળા હોય છે. રોજના ખરચ પ્રમાણે ચાર–છ આના મળી ગયા કે પછી બાદશાહ–પોતાના ઝુંપડામાં આનંદથી દિવસ પસાર કરે છે. એમને બાગ, બંગલા, મોટર આદિ મોજશોખના સાધનોની જરૂરત રહેતી નથી. તેમજ આ વસ્તુઓની સ્વપ્ને પણુ ચાહના હોતી નથી, માટે આવા જીવો ઓછા કષ્ટે ઠીક ઠીક આનંદ મેળવે છે અને સુખે જીવે છે.

પુન્યના ઉદયથી જેમની પાસે જીવનનિર્વાહ કરતાં પૈસા વધી પડે છે ત્યારે તેઓ દુનિયાને રાજી કરીને આનંદ મેળવવા પ્રયાસ કરે છે. કેટલાક હજારો ખરચીને બાગ, બંગલા તૈયાર કરાવે છે, અને તેમાં રહીને પોતાને સુખી માને છે, કારણુ કે દુનિયાનો મોટો ભાગ આવી રીતે રહેનારને શ્રીમંત તથા સુખી તરીકે ઓળખે છે અને ભાગ્યશાળી છે, સુખી જીવન ગાળે છે, એમ જોનારાઓ વારંવાર પ્રશંસાના ઉદ્દગારો કાઢે છે, જેને સાંભળીને અત્યંત આનંદ તેઓ અનુભવે છે.

જડ વસ્તુઓમાં આનંદ માનવાવાળી પુદ્ગલાનંદી અજ્ઞાન દુનિયા અનીતિ તથા અધર્મનું આચરણુ કરીને પણુ મહાકષ્ટે મેળવેલ દ્રવ્યથી આનંદ મેળવવાને જનતાની માન્યતા તરફ વધારે ધ્યાન આપે છે. દરેક પ્રવૃત્તિમાં જનતા જેમ વર્તીને આનંદ માનતી હોય પોતે પણુ તેમ વર્તીને આનંદ મનાવે છે. રહેણીકહેણીમાં પૂરતું અનુકરણુ કરીને પોતાને સુખી માને છે.

એક માણુસ પ્રથમ ગરીબ હોય અને પછીથી પૈસા મેળવીને શ્રીમંત બન્યો હોય અથવા તો જન્મથી શ્રીમંત હોય તેના આનંદ તથા સુખ કાળને અનુસરીને પરિવર્તન થતી દુનિયાની પ્રવૃત્તિના અનુસાર પરિવર્તનશીલ હોય છે. એક વખતે ઓછા ખરચે અને ઓછી જરૂરીઆતે આનંદ અને સુખ મેળવતા હોય તો કાળના પરિવર્તનથી અન્ય વખતે સુખ તથા આનંદ મેળવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વવામાં ખરચ અને જરૂરીઆતો વધી પડે છે. જ્યારે આવી પરિસ્થિતિ ઉપસ્થિત થાય છે ત્યારે જનતા નીતિ તથા ધર્મને છોડી દઇને આનંદના સાધનભૂત દ્રવ્યને મહાકષ્ટે મેળવે છે. અનેક પ્રકારના વ્યવસાયો કરવા છતાં પણ જેમની પાસે વધી પડેલી જરૂરીઆત પૂરતા દ્રવ્યની અછત હોય છે તેમની પાસે આજીવિકા પૂરતું ધન, માનવજીવન, આરોગ્યતા, સ્ત્રી, પુત્ર, ભાઇ-ભાંડુ આદિ પરિવાર અને આત્મશ્રેય માટે ધર્મનું સાધન હોવા છતાં પણ પોતાને દુ:ખી માને છે.

પોતે સુખી હોય અથવા ન હોય, માથા ઉપર લાખોનું દેવું હોય, સ્ત્રી, પુત્ર આદિ સ્વજન પરિવાર પ્રતિકૂળ હોય, તાણી તોસીને મહાકષ્ટે જીવન-નિર્વાહ કરતો હોય તો પણ જનતાને અમે સુખી છીએ એમ કહેવડાવી આનંદ મેળવવા અનેક પ્રકારના પ્રયાસો સેવે છે. ભલે પોતે નાણાંની અછતને લઇને પહોંચી ન વળતા હોય છતાં નોકર, બાગ, બંગલા, મોટર, વસ્ત્ર, ઘરેણાં વિગેરેનો ઠાઠમાઠ બહુ સારી રીતે રાખે છે. જો એમ ન કરે તો જનતા તેમને દુ:ખી, કંગાલ તરીકે ઓળખે, અને ઠાઠમાઠ રાખવા જોઇતાં નાણાં બીજાની પાસેથી મેળવી ન શકે જેથી કરીને માની લીધેલા આનંદથી વંચિત રહેવાનો પ્રસંગ આવે.

પૌદ્ગલિક સુખનાં સાધન ગમે તેટલાં કેમ ન મેળવ્યાં હોય, દેખીતી રીતે બાહ્ય સંપત્તિથી ભરપુર કેમ ન હોય; છતાં જેને માનસિક સુખ નથી તે સુખી નથી, કારણ કે પૌદ્ગલિક સુખનો આધાર માનસિક સુખ ઉપર રહેલો છે. તૃષ્ણાને લઇને વ્યાપારમાં હજારોની રકમ રોકેલી હોવાથી, નુકશાનીની શંકા રહેવાથી ગજા ઉપરાંત વ્યાપાર કરવાથી અથવા તો સ્વજનપરિવારની પ્રતિકૂળતા હોવાથી કે પુષ્કળ દેવાદાર થઇ જવાથી, મનમાં અનેક પ્રકારની હોળી સળગતી હોય અને તે પછી બંગલામાં રહો, મોટરમાં ફરો કે મિષ્ટાન્ન ખાઓ તો પણ સુખી થઇ શકતા નથી. જેથી કરીને આનંદના અભાવે દુ:ખે જીવે છે. માનસિક દુ:ખથી મૂકાવાને માટે જ માણસો મોજશોખમાં પડી જાય છે, દેવું કરીને પણ મોજશોખની વસ્તુઓને મેળવે છે. સિનેમા નાટક જોવાં, અનેક પ્રકારની રમતો રમવી, નિષ્કારણ ભેગા મળી તડાકા મારવા, ગોઠો ઉડાવવી, મુસાફરીએ નીકળી પડવું વિગેરે વિગેરે અનેક પ્રકારના પ્રયત્નો માનસિક દુ:ખ ભુલાવવાને કરવામાં આવે છે, છતાં પરિણામે માનસિક દુ:ખ ઘટવાને બદલે વધી પડે છે. જો દેવું કરીને મોજશોખ કરે તો પાછળથી દેવું ચુકાવવાની ચિંતા વધી પડે છે અને જો પોતાના પૈસા વાપરે છે તો છેવટે પૈસા પાછા મેળવવાની ચિંતા અને ન મેળવી શકાય તો કંગાળ બની જવાથી જીવનનિવાહ કરવાની ચિંતા.

સુખ મેળવવાને પ્રયાસ કરતી દુનિયાના બે વિભાગ પાડી શકાય છે. એક તો આત્મિક સંપત્તિ મેળવી સાચું સુખ તથા આનંદ મેળવવા પ્રયાસવાળી અને બીજી પૌદ્ગલિક સુખનું સાધન પૈસો મેળવી બનાવટી સુખ તથા આનંદ મેળવવા મથતી દુનિયા. આ બન્ને પ્રકારની દુનિયા પોતાનું ઇચ્છિત મેળવવા ભિન્ન ભિન્ન દિશામાં પ્રયાણ કરી રહી છે. પોતપોતાનું ઇષ્ટ સાધવાને બન્ને પ્રકારની દુનિયાને દુ:ખ સહન કરવું પડે છે, છતાં આત્મિક સંપત્તિ મેળવવાવાળીને સાચું સુખ મળ્યા પછી દુ:ખનો અંત આવી જાય છે. જેથી કરીને પછી કોઇ પણ કાળે દુ:ખી થતી નથી. અને પૌદ્ગલિક સુખના સાધન ક્ષણવિનશ્વર હોવાથી તેનાથી મળતા આનંદ તથા સુખ પણ ક્ષણવિનશ્વર હોય છે કે જે પરિણામે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુઃખના ઉત્પાદક બને છે અને તેથી કરીને પૌદ્ગલિક સુખને માટે દુઃખી થતી દુનિયા વૈષયિક સુખના અનુભવ પછી હંમેશાં દુઃખી રહે છે. સંસારનો મોટો ભાગ પૌદ્ગલાનંદી દુનિયાનું અનુકરણ કરવાવાળો હોય છે. આ દુનિયા જે પ્રવૃત્તિ કરીને પોતાને સુખી માની આનંદ મેળવતી હોય તે જ પ્રવૃત્તિ કરીને આનંદ મેળવવાવાળાની સંખ્યા સંસારમાં ઘણી છે, પણ આત્મિક સંપત્તિ મેળવી નિત્ય સાચું સુખ મેળવવાવાળી દુનિયાનું અનુકરણ કરવાવાળા તો બહુ જ ઓછા પ્રમાણમાં છે. પુદ્ગલાનંદી દુનિયાને ગમે તેમ વર્ત્તીને તેમની પ્રશંસાદ્વારા આનંદ તથા સુખ મેળવવા જેટલા આતુર હોય છે તેટલા આતુર આત્માનંદીને ગમે તેમ વર્ત્તીને તેમની પ્રશંસાદ્વારા આનંદ મેળવવાને હોતા નથી. આત્માના વિકાસસ્વરૂપ સાચો આનંદ મેળવવાવાળા માનવીઓ નિરંતર શ્રેયકારી પ્રવૃત્તિઓ કરે છે. કોઇ પણ પ્રકારે પરમાત્માની આજ્ઞાઓ ઓળંગીને અપરાધી ન બનાય તેમ વધારે સાવધાન રહે છે. વિકારી પુરુષોના વિચારો તથા વર્તન તરફ પૂરતું ધ્યાન આપે છે. તેમની પ્રશંસાનું પાત્ર બનીને પોતાને ભાગ્યશાળી માને છે. પોતાના વિચાર, વર્તન તથા ઉચ્ચ દશાના વખાણ સાંભળીને પરમ આનંદ અનુભવે છે અને છેવટે આનંદસ્વરૂપ બની જાય છે કે જે સ્વરૂપ આત્માનું જ છે. આ સ્વરૂપ મેળવવામાં પુદ્ગલાનંદી જીવોએ જે જડના અનુકૂળ સંયોગરૂપ વિષયોમાં સુખ માનેલું હોય છે તેનો પરિત્યાગ હોવાથી પુદ્ગલાનંદી જીવો આ આનંદસ્વરૂપ સુખને દુઃખ માને છે, પરંતુ નિત્યાનંદ સ્વરૂપને ઓળખનારા જડ વસ્તુઓના સંયોગને દુઃખ સ્વરૂપ સમજતા હોવાથી તેને ત્યાગવામાં સુખ માને છે પણ દુઃખ માનતા નથી. તેમજ પુદ્ગલાનંદી જીવો તેમની પ્રવૃત્તિને વખોડે તો પણ ખેદ કરતા નથી.

સુખનું કારણ દુઃખ હોતું નથી પણ સુખ જ હોય છે. અને જો સુખના કારણને દુઃખ માનવામાં આવે તો તે સુખ નથી પણ દુઃખ જ છે. જો માટીથી વસ્ત્ર બની શકે તો જ દુઃખથી સુખ થઇ શકે, કારણ કે કારણના અનુસાર જ કાર્ય થાય છે. ભિન્ન કારણથી ભિન્ન કાર્ય ન બની શકે. સાચો આનંદ મેળવનારાઓ પ્રતિકૂળ જડ વસ્તુઓનો સંયોગ થવામાં કે અનુકૂળ વસ્તુઓને છોડવામાં આનંદ, સુખ અનુભવે છે કે જે આત્મસ્વરૂપ નિત્યાનંદ તથા નિત્યસુખનું કારણ છે. પ્રતિકૂળ વસ્તુઓના સંયોગમાં સુખ એટલા જ માટે માને છે કે સાચા સુખને ઢાંકનાર અશુભ કર્મનો નાશ કરવાનું કારણ છે. એટલે તેઓ અશુભના ઉદયથી થતા પ્રતિકૂળ સંયોગોને સુખનું કારણ માની આનંદ અનુભવે છે.

આત્મિક સુખ–આનંદ તથા પૌદ્ગલિક સુખ આનંદ આ બન્ને પ્રકારમાં પૌદ્ગલિકને પ્રધાનતા આપનાર દુનિયા પૌદ્ગલિક વસ્તુઓ મેળવવા હંમેશાં ચિંતાવાળી રહેવાથી માનસિક દુઃખોથી પીડાયા કરે છે. ઇચ્છિત વસ્તુ મળવા છતાં પણ અસંતોષ હોવાથી પોતાને અપૂર્ણ માનીને દુઃખી થાય છે. પ્રારબ્ધવશ લોભથી વધુ વસ્તુ મેળવવા જતાં મેળવેલી વસ્તુ પણ ખોઇ બેસે છે, જેથી કરીને વધુ દુઃખી થવાનો પ્રસંગ બને છે. તાત્ત્વિક દૃષ્ટિથી જોતાં પૌદ્ગલિક સુખ તે દુઃખમાં સુખના આરોપ સિવાય સુખ જેવી કોઇ વસ્તુ જ નથી. પ્રયાસ કરવાથી ઇચ્છિત વસ્તુ મેળવનાર ક્ષણવાર સુખ માને પણ પોતાનાથી વધુ સંપત્તિવાળાને જોઇને તરત જ વધુ મેળવવાની ઇચ્છાને આધીન થવાથી હતો તેવો પાછો દુઃખી થાય છે. કદાચ કંઇ મળ્યું હોય તેટલાથી જ સંતોષ માની લે તો પણ તે હંમેશાં વસ્તુ વપરાઇને જીર્ણ થવાથી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓછી થવાથી કે નષ્ટ થવાથી પાછો દુઃખ જ અનુભવે છે. અને જેઓ વસ્તુને ન વાપરતાં રાખી મૂકે છે, તો પણ તેના સંયોગની અવધિ પૂરી થતાં કોઇપણ નિમિત્તથી તેનો વિયોગ થાય છે અને છેવટે વસ્તુના સંઘરનારને દુઃખ થાય છે. પુદ્ગલાનંદી જીવો પૌદ્ગલિક સંપત્તિ મેળવનારને માન આપે છે, તેની પ્રશંસા કરે છે તેમાં પણ તારતમ્યતા રહેલી છે. તેમજ કેટલેક અંશે સ્વાર્થ પણ રહેલો હોય છે. જેમ જેમ વધારે સંપત્તિ તેમ તેમ વધારે પ્રશંસા, વધારે માન અને જેમ ઓછી સંપત્તિ તેમ ઓછું માન, પરંતુ જો પોતાની સંપત્તિમાંથી કાંઇક બીજાને લાભ મળી શકતો હોય તો ઓછી સંપત્તિવાળો પણ સારું માન તથા સારી પ્રશંસા મેળવી શકે. માટે પુદ્ગલાનંદી દુનિયાને રાજી કરી આનંદ મેળવવા તથા તેની દૃષ્ટિમાં પોતાને સુખી માનવા જીવો પૌદ્ગલિક વસ્તુઓ વધુ ને વધુ પ્રમાણમાં મેળવવા અસંતોષીપણે નિરંતર અંદરથી દુઃખી થઇ રહ્યા છે. પરાધીન સુખ તથા આનંદ અલ્પ કાળના તેમજ અવાસ્તવિક હોય છે, કારણ કે પૌદ્ગલિક પ્રથમ તો વસ્તુઓ પ્રત્યેક ક્ષણે બદલાયા કરે છે એટલે તે વસ્તુઓ મેળવનારને તે નવી હોવાથી આનંદ આપે છે, પણ જેમ જેમ વખત જાય છે તેમ તેમ અણગમો ઉત્પન્ન કરે છે. જોનારાઓ પણ એક વખત તે વસ્તુને વખાણે છે, તો અન્ય સમયે વખોડે છે. અને આત્મસ્વરૂપ સાથે સંબંધ ન હોવાથી અવાસ્તવિક છે, માટે જડ વસ્તુઓના સંબંધ અકિંચિત્કર હોવાથી દુઃખરૂપ છે.

સંસારમાં પૌદ્ગલિક વસ્તુઓ પુષ્કળ પ્રમાણમાં છે. અને તે બધીએ એક જ ભવમાં એક સાથે પ્રાપ્ત થઇ શકતી નથી. અમુક વસ્તુઓ અમુક ભવમાં જ પ્રાપ્ત થાય છે. જે વસ્તુઓ દેવગતિમાં પ્રાપ્ત થાય છે તે મનુષ્યગતિમાં પ્રાપ્ત થતી નથી અને જે વસ્તુ મનુષ્યગતિમાં પ્રાપ્ત થાય છે તે દેવગતિમાં પ્રાપ્ત થતી નથી. અને એક ભવમાં મળવાવાળી વસ્તુ પણ ક્રમે કરીને મળતી હોવાથી કોઇને કોઇ વસ્તુની ખામી રહી જાય છે અથવા તો નવી મળે છે તો જૂની નષ્ટ થઇ જાય છે. એટલે જીવંત પર્યંત મળેલી વસ્તુ વધારવાની અને નવી વસ્તુ મેળવવાની તૃષ્ણાથી પુદ્ગલાનંદી દુનિયા દેખીતી રીતે તો સુખી તથા આનંદી જ જણાય છે પણ અંદરથી તો દુઃખ તથા દિલગીરીથી ભરેલી હોય છે.

આ પ્રમાણે પરાધીન સુખ તથા આનંદ મેળવવા ટેવાઇ ગએલી દુનીઆને આત્મિક સંપત્તિ મેળવી નિત્ય સુખ તથા આનંદ મેળવવાની ઇચ્છા સરખીએ થતી નથી અને એટલા માટે જ પુદ્ગલાનંદી સંસાર પરમ દુઃખી થઇ રહ્યો છે. ભલે પછી તે પોતાને સુખી માની આનંદ કે મજા ભોગવતો હોય પરંતુ પરિણામે તો અત્રે જ દુઃખ ભોગવતો નજરે પડે છે. જડ વસ્તુનો સંયોગ થાય એટલે સુખ માનવું અને વિયોગ થાય એટલે દુઃખ માનવું તે કેવળ એક ખોટી માન્યતા જ છે, બાકી તત્ત્વદૃષ્ટિથી વિચારીએ તો સુખ દુઃખ જેવી કોઇ વસ્તુ જ નથી, માટે આત્મસ્વરૂપ સુખ છે તે જ સાચું સુખ છે અને તેને મેળવવા પૌદ્ગલિક સુખની ભ્રમણા કાઢી નાખી, સઘળી એ પૌદ્ગલિક વસ્તુનો ત્યાગ કરી આત્મવિકાસના માર્ગે વળવાની આવશ્યકતા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેખકઃ—શાસનપ્રભાવક આ. શ્રીમદ્ વિજયમોહનસૂરીશ્વરજી પ્રશિષ્ય
પં. શ્રી ધર્મવિજયજી ગણિ.

# શ્રી શ્રુતજ્ઞાન.

[ ગતાંક પૃષ્ઠ ૬૪ થી શરૂ. ]

## [ પ્રાસંગિક સમ્યગ્દર્શનના પ્રકારોનું વર્ણન. ]

આ ઉપરાંત નિસર્ગ સમકિત (૧) અધિગમ સમકિત (૨), નિશ્ચય સમકિત (૧) વ્યવહાર સમકિત (૨), દ્રવ્ય સમકિત (૧) ભાવ સમકિત (૨) એમ જુદી જુદી અપેક્ષાએ સમ્યગ્દર્શનના બે બે ભેદો પણ ઘટી શકે છે.

**નિસર્ગ સમકિત**–તીર્થંકર મહારાજ અથવા ગુરુમહારાજની ધર્મદેશના, અથવા જિન-પડિમાના દર્શન અથવા તો તેવા પ્રકારનું કોઇ પણ બાહ્યનિમિત્ત જે સમકિતની પ્રાપ્તિમાં ન હોય, પરંતુ ડુંગરવાળી નદીના પ્રવાહમાં અથડાતોપછડાતો કાંકરો સ્વાભાવિક રીતે ગોળ બની જાય, અથવા તો 'ઘુણાક્ષર ન્યાયે' લાકડામાં અક્ષરોનો આકાર કોતરાઇ જાય તેની માફક સંસારચક્રમાં પરિભ્રમણ કરતો આત્મા નરક, તિર્યંચાદિ ગતિમાં જન્મ-મરણની પરંપરાને પ્રાપ્ત કરવાપૂર્વક વિવિધ દુઃખોનો અનુભવ કરતો જ્ઞાનોપયોગ–દર્શનોપયોગના સ્વભાવથી અકામનિર્જરાના યોગે એવી સ્થિતિએ પહોંચે છે કે તથાભવ્યત્વનો પરિપાક થવા સાથે ( કોઇ પણ બાહ્યનિમિત્ત સિવાય પણ ) સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે, આવા પ્રકારના સમ્યગ્દર્શનને '**નિસર્ગ સમ્યગ્દર્શન**' કહેવામાં આવે છે.

**અધિગમ સમ્યગ્દર્શન**–જે સમ્યગ્-દર્શનની પ્રાપ્તિમાં અનંતજ્ઞાની તીર્થંકર મહારાજાની કિંવા ગુરુમહારાજાની ધર્મદેશના, જિનપડિમાના દર્શન ઇત્યાદિ કોઇ પણ બાહ્યનિમિત્ત વર્ત્તતું હોય, તે અધિગમ સમ્યગ્દર્શન કહેવાય છે. નિસર્ગ તથા અધિગમ એ બન્ને પ્રકારના સમ્યગ્દર્શનમાં યદ્યપિ તથાભવ્યત્વનો પરિપાક તેમજ મિથ્યાત્વ મોહનીયનો ઉપશમ ( ક્ષયોપશમ ) એ અંતરંગ કારણ છે. એ અંતરંગ કારણ સિવાય કોઇ પણ આત્માને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઇ શકતી નથી, પરંતુ એ અંતરંગ કારણ સામગ્રી જે આત્માને કોઇ પણ બાહ્યનિમિત્ત સિવાય પ્રાપ્ત થાય છે તે આત્માનું સમકિત નિસર્ગ સમકિત કહેવાય છે અને જે આત્માને એ પૂર્વોક્ત અંતરંગ કારણ–સામગ્રીની પ્રાપ્તિમાં ધર્મદેશના–મુનિદર્શનાદિ કોઇ પણ બાહ્યનિમિત્ત વર્ત્તતું હોય તે આત્માનું સમકિત અધિગમ સમકિત કહેવાય છે. આ બન્ને પ્રકારના સમ્યગ્દર્શનના સ્વરૂપને વિશેષપણે જાણ-વાની ઇચ્છાવાળા સુજ્ઞોએ શ્રી તત્ત્વાર્થ સૂત્રના '**तन्निसर्गादधिगमाद्वा**' [ १–३ ] એ સૂત્રનું વિવેચન જોઇ લેવું.

**વ્યવહાર સમ્યક્ત્વ**–સમ્યગ્દર્શનને પ્રગ-ટાવનારા દેવપૂજા–તીર્થયાત્રા વિગેરે સાધનોની જે સેવના કરવી તે વ્યવહાર સમ્યક્ત્વ કહેવાય છે. આ અર્થને ટૂંકામાં એમ પણ કહી શકાય કે–આત્માના જ્ઞાનદર્શનાદિ ગુણમય શુદ્ધ પરિણામ-થી જે દેવપૂજાદિ વ્યવહાર પ્રવૃત્તિરૂપે થાય તે વ્યવહાર સમ્યક્ત્વ કહેવાય.

**નૈશ્ચયિક સમ્યક્ત્વ**–આત્માનો જ્ઞાન–દર્શનાદિ ગુણમય જે શુદ્ધ પરિણામ તેનું નામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નશ્ચયિક સમ્યક્ત્વ કહેવાય છે. જે માટે કહ્યું છે કે–

**सम्मं च मोक्खबीयं, तं पुण भूयत्थसद्दहणरूवं।**
**पसमाइ लिंगगम्मं, सुहाय परिणामरूवं तु ॥१॥**

[ નવતત્ત્વ-ભાષ્ય ]

**ભાવાર્થ**–"સમ્યક્ત્વ એ મોક્ષનું બીજ છે, વળી તે તત્ત્વભૂત પદાર્થોના શ્રધ્ધાન સ્વરૂપ છે, શમસંવેગાદિ લક્ષણોદ્વારા જાણવા યોગ્ય છે **અને** (તત્ત્વદષ્ટિએ સમ્યક્ત્વ) શુભ આત્મ-પરિણામ રૂપ છે."

**દ્રવ્ય સમ્યક્ત્વ**–જ્ઞાનાવરણીયાદિ કર્મના તીવ્રોદયથી જીવાજીવાદિ તત્ત્વોના યથાર્થ ભાવને નહિં જાણનાર ભવ્યાત્માને–'**जं जिणेहिं पन्नतं तमेव निस्संकं सच्चं**'–'દેવાધિદેવ જિનેશ્વર ભગવંતોએ જીવાજીવાદિ તત્ત્વોનું સ્વરૂપ જે પ્રમાણે કહેલ છે તે જ નિઃશંક અને સત્ય છે! આવા પ્રકારની જે શ્રધ્ધા થવી તે **દ્રવ્ય સમ્યક્ત્વ** કહેવાય છે. આ ઉપરથી એ વસ્તુ નક્કી થઇ કે જીવાજીવાદિ પદાર્થોના સ્વરૂપને જે જાણતો હોય તેને જ સમ્યક્ત્વ હોય અને બીજાને ન હોય એવું માનવાની જરૂર નથી. સમ્યગ્દર્શનમાં શ્રધ્ધાની જ મુખ્યતા છે. એટલે જ્ઞાનાવરણીયાદિ કર્મના પ્રબલ ઉદયથી તેવા વિશિષ્ટ ક્ષયોપશમના અભાવે જીવાજીવાદિ પદાર્થોનું વિશિષ્ટ જ્ઞાન કદાચિત્ ભલે ન હોય, પરંતુ જીવાજીવાદિ તત્ત્વોનું જિનેશ્વર-મહારાજાઓએ જે પ્રમાણે નિરૂપણ કરેલું છે તે યથાર્થ સત્ય છે' ઇત્યાકારક આત્માનું જો શ્રધ્ધાન હોય તો તેને સમકિતવંત કહી શકાય છે. ફક્ત વિશિષ્ટ વિજ્ઞાનના અભાવે તેને દ્રવ્ય સમક્તિવંતની કોટિમાં ગણી શકાય, પરંતુ બીજા પ્રસંગોમાં 'દ્રવ્ય' પદનો અર્થ જુદી રીતે કરવામાં આવે છે તેવો અર્થ અહિં દ્રવ્યપદનો કરવાનો નથી. **એટલું અવશ્ય ધ્યાનમાં રાખવું કે પરમાત્માના** શાસનમાં ભલે આત્મા જીવાજીવાદિ પદાર્થોના વિશિષ્ટ જ્ઞાનથી રહિત હોય પરંતુ શ્રધ્ધા સહિત ફક્ત અષ્ટ પ્રવચનમાતાનું તેને જાણપણું હોય તો પણ તેને સમ્યગ્દષ્ટિ ગણવા સાથે થોડા વખતમાં ભવપરંપરાનો અંત કરવાની યોગ્યતાવાળા જણાવ્યા છે.

અથવા આ દ્રવ્ય સમ્યક્ત્વની આ પ્રમાણે પણ વ્યાખ્યા થઈ શકે છે.–દ્રવ્ય એટલે સમકિતમોહનીય(શુધ્ધપુંજ)નાં દ્રવ્યો–પુદ્ગલો, તે પુદ્ગલોનો જે સમકિતમાં ઉદય વર્તતો હોય તેને દ્રવ્ય સમકિત કહેવાય છે. આ અર્થ ફક્ત ક્ષયોપશમ-સમકિતમાંજ ઘટી શકે છે. ઉપશમ તથા ક્ષાયિક સમકિતમાં આ અર્થ ઘટી શકતો નથી.

**ભાવસમ્યક્ત્વ**—જે આત્મા જ્ઞાનાવરણીયકર્મના તથાવિધ વિશિષ્ટ ક્ષયોપશમના પ્રભાવે જીવાજીવાદિ તત્ત્વોના સવિશેષ જાણપણા સાથે નિશ્ચિત શ્રધ્ધાવાળો હોય તેનું સમકિત ભાવ-સમકિત કહી શકાય અથવા તો જે સમ્યક્ત્વમાં દર્શનમોહનીયના પુદ્ગલ દ્રવ્યોનો રસોદય તથા પ્રદેશોદય બેમાંથી એક પણ ન હોય તેને ભાવસમ્યક્ત્વ કહેવાય છે, આવું ભાવ સમ્યક્ત્વ ઉપશમ સમકિત તથા ક્ષાયિક સમકિતમાં જ ઘટી શકે છે પરંતુ ક્ષયોપશમ સમક્તિમાં ઘટી શકતું નથી, કારણ કે તેમાં સમકિતમોહનીયનો રસોદય અને મિથ્યાત્વ-મિશ્રમોહનીયનો પ્રદેશોદય વર્ત્તતો હોય છે.

## 'સમ્યગ્દર્શન' એ આત્મભાવ છે કે પરભાવ?

'સમ્યગ્દર્શન' એ આત્માનો સ્વભાવ છે, કિંતુ પરભાવ નથી. જે પ્રમાણે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર અને અનંતવીર્યાદિ ગુણો આત્મસત્તામાં સ્વભાવે રહેલા છે, અર્થાત્ જ્ઞાનાદિ ગુણોથી આત્મા અભિન્ન છે, છતાં અનંતજ્ઞાનમય આત્મા જ્યાં સુધી જ્ઞાનાવરણીયાદિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્મોથી યુક્ત છે ત્યાં સુધી આત્મામાં સ્વસ્વભાવે રહેલા એવા પણ જ્ઞાનાદિ ગુણો સંપૂર્ણપણે પ્રગટ થઇ શકતા નથી, તે પ્રમાણે અનંતજ્ઞાની જિનેશ્વર મહારાજાઓએ પ્રરૂપેલા તત્ત્વોનો યથાર્થ શ્રધ્ધાનાત્મક ગુણ આ આત્મામાં સ્વસ્વભાવથી જ રહેલ છે, કિંતુ જ્યાં સુધી એ સમ્યગ્દર્શનગુણને આચ્છાદિત કરનાર મિથ્યાત્વમોહનો ક્ષયોપશમ, ક્ષય અથવા ઉપશમ થતો નથી, ત્યાં સુધી એ સમ્યગ્દર્શન ગુણ આત્મભુવનમાં પ્રગટ થતો નથી. તેમજ તે ગુણના અભાવે જિનેશ્વરભગવંતોએ કહેલા જીવાજીવાદિ તત્ત્વો ઉપર રુચિ પણ ઉત્પન્ન થતી નથી. વસ્તુત: પ્રત્યેક ભવ્યાત્મામાં તથા ભવ્યત્વના-યોગે સમ્યગ્દર્શન ગુણ પ્રગટ થવાની યોગ્યતા રહેલી છે જ, કિંતુ જ્યારે અપૂર્વ વીર્યોલ્લાસવડે પ્રથમ જણાવ્યા પ્રમાણે નિર્મલ અધ્યવસાયોદ્વારા ગ્રન્થિભેદ થાય છે ત્યારે જ એ સમ્યક્ત્વગુણ પ્રગટ થઇ શકે છે, માટે સમ્યગ્દર્શન આત્મભાવ છે.

એક અપેક્ષાએ વિચાર કરીએ તો એ સમ્યગ્દર્શન ગુણ પરભાવ (પુદ્ગલજન્ય) પણ ઘટી શકે છે, કારણ કે–ક્ષાયિક તથા ઔપશમિક સમ્યગ્દર્શન એ બન્ને તો દર્શનમોહના વિપાકોદય તેમજ પ્રદેશોદયના અભાવે આત્મભાવ જ છે, પરંતુ ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં શુધ્ધપુંજ(સમકિતમોહનીય)નો પુદ્ગલોનો ઉદય વર્તતો હોવાથી શ્રધ્ધાનાત્મક સમકિત ગુણ પ્રગટ થતો હોઇ તે સમકિતને પરભાવની કોટિમાં મૂકી શકાય છે.

વસ્તુતઃ '**सुहायपरिणामरूवं तु**' એ જ્ઞાનિ મહર્ષિઓના વચન પ્રમાણે સમ્યગ્દર્શન આત્માનો શુભ પરિણામ હોવાથી આત્મભાવ છે, પરંતુ પરભાવ નથી.

આ પ્રમાણે સમ્યગ્દર્શનના ભેદ-પ્રભેદોનું સામાન્ય રીતે વર્ણન કર્યા બાદ આત્મામાં સમ્યક્ત્વ ઉત્પન્ન થયું છે કે કેમ? તે જાણવા માટે સમકિતના શમ સંવેગાદિ જે લક્ષણો જ્ઞાની ભગવંતોએ બતાવેલા છે તેનું સંક્ષિપ્ત સ્વરૂપ આપવામાં આવે છે. (ચાલુ)

## અહિંસાનું માહાત્મ્ય.

અહિંસાનું રહસ્ય સમજનાર મુમુક્ષુએ સ્થાવરજીવોની પણ નિરર્થક હિંસા ન કરવી

વનમાં જ રહેતાં તથા વાયુ, જલ અને તૃણ ખાઇને જીવતાં નિરપરાધી હરણાં વગેરે પ્રાણીઓને તેમના માંસ માટે મારી નાખનારા મનુષ્યમાં અને કુતરામાં શો ફેર છે?

પોતાની ક્ષણિક તૃપ્તિ માટે ક્રૂર લોકો બીજા પ્રાણીનું આખું જીવિત ખતમ કરી નાખે છે.

ઇંદ્રિયનિગ્રહ, દેવ–ગુરુની ઉપાસના, દાન, અધ્યયન અને તપ એ બધાં હિંસા ત્યાગવામાં ન આવે તો અફળ જાય છે.

—યોગશાસ્ત્ર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરમાત્માનું અધિરાજ્ય.*

## સમ્યગ્જ્ઞાનની કુંચી

( ગત વર્ષના પૃષ્ઠ ૩૪૦ થી શરૂ )

જે મનુષ્યોને આત્માના દિવ્ય સ્વરૂપના સંબંધમાં વિચાર, વાણી કે કાર્યથી શ્રધ્ધા ન હોય તેમને મોક્ષ ન મળી શકે. આત્માનાં દિવ્ય સ્વરૂપમાં સંપૂર્ણ શ્રદ્ધા એ મુક્તિની પુરોગામી છે. બીજાઓ ઉપર દોષારોપણ કરવું કે તેમની નિન્દા કરવી એ પણ આત્માનાં દિવ્ય સ્વરૂપમાં એક પ્રકારની અશ્રધ્ધારૂપ છે. એવી અશ્રધ્ધાથી પણ મનુષ્યનો તાત્કાલિક અધઃપાત થાય છે. મોક્ષરૂપી સત્યમાર્ગથી વિપરીત માર્ગે જ ગમન થાય છે. દરેક મનુષ્યોમાં ચેતના આદિ એક સરખાં વર્તે છે. આથી કોઇ મનુષ્યની નિન્દા આદિમાં પોતાનાં જ દિવ્ય સ્વરૂપનું વિસ્મરણ થાય છે એ ખાસ સમજવાની જરૂર છે. આપ્તજનો, મિત્રો, મનુષ્ય, તિર્યંચ આદિ કોઇ પણ પ્રાણી પ્રત્યે પ્રેમ વ્યક્ત કરવો એ વસ્તુતઃ પોતાના આત્મા પ્રત્યે વિશુધ્ધ પ્રેમ પ્રદર્શિત કરવા જેવું છે. એ વિશુદ્ધ પ્રેમથી, આંતર દિવ્ય સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે અને પરમ સુખ પ્રાપ્ય બને છે. શત્રુઓ, તિર્યંચો કે કોઇનો પણ તિરસ્કાર કરવાથી, મનુષ્ય સત્ય ધ્યેયથી પરાઙ્મુખ જ બને છે. આ રીતે બીજાઓ પ્રત્યે તિરસ્કારથી મનુષ્ય પોતાના પગ ઉપર જ કુઠારાઘાત કરે છે. પોતાની ઉન્નતિમાં પોતે જ અંતરાયરૂપ થાય છે.

જે મહાપુરુષોએ તિરસ્કાર આદિને તિલાંજલી આપવા અને સર્વ પ્રાણીઓ પ્રત્યે વિશુધ્ધ પ્રેમ દાખવવાનો મનુષ્ય માત્રને પરમ બોધ આપેલો છે તેઓ સર્વ ગંભીર અને મહાન્ વિચારકો હતા. ગંભીર અને મહાન્ વિચારણાને પરિણામે જ એવો પવિત્ર અને કલ્યાણકારી બોધ તેઓ આપી શક્યા હતા. એ પરમ બોધમાં કોઇ પણ પ્રકારની વિવેકશૂન્યતા કે ઉન્મત્તતા જેવું કશુંયે નથી. એ બોધ સર્વથા વિવેકપૂર્ણ છે. એ બોધ અત્યંત ઉદાત્ત પણ છે. એ બોધ જીવનનો મહામંત્ર છે. એ બોધમાં જ જીવનનું સુખ-રહસ્ય રહેલું છે.

સત્ય સુખની પ્રાપ્તિ માટે આત્માનાં દિવ્ય સ્વરૂપનો સાક્ષાત્કાર કરવાની અનેરી અગત્ય છે. આથી મનુષ્યે વિચાર, વાણી અને કાર્યથી આત્માનાં દિવ્ય સ્વરૂપમાં યથાર્થ શ્રદ્ધા જાગૃત કરવી જોઇએ. સત્ય ધર્મો આત્માનાં દિવ્ય સ્વરૂપની દૃષ્ટિએ પણ પશુઓની હિંસાનો નિષેધ કરે છે એનું રહસ્ય સમજવા જેવું છે. જે મનુષ્યો દયારહિત બનીને પશુહિંસા કરે છે તેમને માટે આત્મસાક્ષાત્કાર સર્વથા અસંભાવ્ય થઇ પડે છે. હિંસા હોય ત્યાં પ્રેમની પરિણતિ ન હોય. પ્રેમ વિના સુખ ન હોય. હિંસાથી આત્મા સાથે તદાકારતાનો ઉચ્છેદ થાય છે. હિંસા આ રીતે અત્યંત દુઃખદાયી થઇ પડે છે.

કુટુંબ, સમાજ, રાષ્ટ્ર, જનતા, વિશ્વ એ સર્વમાં શાન્તિ અર્થે પ્રેમની ઘણી જ જરૂર છે. પ્રેમ જગતમાં સર્વને સાંકળરૂપ છે. તિરસ્કાર કે અપ્રેમ સર્વત્ર ભેદભાવ પ્રવર્ત્તાવે છે. પ્રેમથી ભ્રાતૃ-

* ( મૂળ લે૦ બાબુ શ્રી ચંપતરાયજી જૈની બા-એટ-લૉ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવ જાગૃત થાય છે. તિરસ્કારથી અધઃપાત સંભવે છે. તિરસ્કારવૃત્તિને પરિણામે દરેક દેશ અને તેના લોકોનું અધઃપતન અવસ્ય થાય છે એ ઇતિહાસનો એક મનનીય બોધપાઠ છે. આપણા દેશનું અધઃપતન તિરસ્કાર-ભાવ(કુસુંપ)થી જ થયું છે. આમ છતાં આપણને હજુ પ્રેમથી એક થવાનું સૂઝતું નથી એ આપણું મહાન્ દુર્ભાગ્ય જ લેખી શકાય.

જીવન સ્વાર્થવૃત્તિથી કે પ્રેમભાવે એમ બે રીતે જ વ્યતીત થઇ શકે છે. જીવનને માટે ત્રીજો કોઇ માર્ગ નથી. સ્વાર્થવૃત્તિને કારણે મનુષ્યમાં લોભ, અહંભાવ આદિનો આવિર્ભાવ થાય છે. સ્વાર્થવૃત્તિને કારણે, સંપત્તિ આદિ મળે તો તે અચિરસ્થાયી રહે છે. સ્વાર્થી મનુષ્યોને અનેક પ્રકારનાં દુઃખો, કલહો, નિરાશાઓ આદિનો મનોવેધક અનુભવ કરવો જ પડે છે. સ્વાર્થી મનુષ્યોનો પ્રાન્તે વિનિપાત અને વિનાશ જ થાય છે.

નિઃસ્વાર્થ પ્રેમમાં જીવન સુખમય જ હોય છે. નિઃસ્વાર્થ પ્રેમથી દુઃખ આદિની સંભાવના રહેતી નથી. પ્રેમનો પંથ સર્વદા સરલ, શાન્ત અને આનંદકારી હોય છે. પ્રેમથી મૈત્રી, ગૌરવ અને શક્તિ વધે છે. પ્રેમથી કુસંપ કે અહિત કોઇ કાળે સંભાવ્ય નથી. પ્રેમનાં સુપરિણામ કુટુંબ, સમાજ, રાષ્ટ્ર આદિ સર્વ ઉપર એક કાર્યસાધક થાય છે. પતિ અને પત્ની વચ્ચે પ્રેમ ન હોય તો સંસાર દુઃખરૂપ બને છે. સમાજના મનુષ્યોમાં અપ્રેમ કે અવિશ્વાસ ઉત્પન્ન થાય એટલે સમાજમાં કુસંપ જાગે છે. સમાજની વિભક્ત દશા પરિણમે છે. એક રાષ્ટ્રના લોકોમાં પરસ્પર વિદ્વેષ થતાં આંતરવિગ્રહ સળગી ઊઠે છે. કોઇ સામ્રાજ્યમાં કલહનો પ્રાદુર્ભાવ થતાં તે સામ્રાજ્યના પાયા હચમચી રહે છે. સામ્રાજ્યોનો કલહને કારણે કેટલીક વાર વિનાશ પણ થાય છે.

તિરસ્કારભાવથી સવિશેષ અભ્યુદય થઇ શકે એ પ્રાકૃતિક નિયમથી સર્વથા અસંગત છે. તિરસ્કારથી મનુષ્યની શક્તિનો એટલો બધો હ્રાસ થાય છે કે તિરસ્કારનું પરિણામ આખર બૂરું જ આવે છે. આથી દરેક કાર્ય પ્રેમ, ભ્રાતૃભાવ અને સદિચ્છાથી જ થવું જોઇએ. વિચારોમાં પણ પ્રેમ, શુભનિષ્ઠા અને ભ્રાતૃભાવને જ પ્રાધાન્ય હોવું જોઇએ. દરેક મનુષ્ય સાથે શાન્તિ અને પ્રેમથી જ વર્ત્તાવ કરવો જોઇએ. સર્વ પ્રકારના પ્રેમનું સ્વરૂપ કોઇ રીતે મર્યાદિત ન જ હોવું જોઇએ. જનતાનું સર્વોચ્ચ શ્રેય એ પ્રેમના આવિષ્કારમાં દરેક મનુષ્યનો વિશિષ્ટ ઉદ્દેશ હોવો જોઇએ.

જો જનતામાં યથાર્થ પ્રેમવૃત્તિ કેળવાય, સર્વ મનુષ્યો વિશુદ્ધ પ્રેમની મૂર્ત્તિરૂપ બને તો વિશ્વમાં અવિરત શાન્તિ અને સુખના યુગનાં જરૂર મંડાણ થાય, સર્વત્ર સુખનું આધિરાજ્ય જામે, પુરાતન હિન્દીઓનો આદર્શ શાન્તિ અને સુખનો જગતભરમાં પ્રચાર કરવો એ જ હતો.

આજે હિન્દી જનતાનું ખરું જ્ઞાન લુપ્ત થયું છે. સ્વાર્થવૃત્તિને કારણે, ભ્રાતૃભાવનો વિચ્છેદ થયાથી દેશ પારતંત્ર્યની જંજીરોમાં જકડાયલો છે. જે દેશ હજારો વર્ષ સુધી સર્વ પ્રકારની ઉન્નતિને શિખરે વિરાજતો હતો તેનું આજે સર્વ રીતે ઘોર અધઃપતન થયું છે.

તિરસ્કાર-ભાવનો અતિરેક થતાં કોઇ પણ દેશ કે કોઇ પણ પ્રજાની ઉન્નતિ કોઇ કાળે શકય નથી. હિન્દુઓ, મુસ્લીમો, જૈનો વિગેરેની પડતી કુસંપથી જ થઇ છે. આજે પણ કેટલાક દેશો પ્રેમથી દૂર દૂરના દેશો ઉપર રાજ્ય કરે છે એ પ્રેમની અપૂર્વ શક્તિનાં દૃષ્ટાન્તરૂપ છે.

પ્રેમથી મહારાજ્યોની સ્થાપના થાય છે અને મહારાજ્યો અવિચળ રહે છે એ ઇતિહાસનો એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાણુવાજોગ બોધપાઠ છે. પ્રેમભંગથી મહારાજ્યોમાં કુસુંપ જાગે છે અને ગમે તેવાં મહારાજ્યનું આખરે પતન જ થાય છે. આ કુદરતનો અભેદ્ય નિયમ છે. "The Universal Text Book of Religion and Morals" (ધર્મ અને નીતિનો સાર્વજનિક શાળા-ગ્રંથ)માં કહ્યું છે કે–

"ભ્રાતૃભાવ એ કુદરતનો કાયદો છે એવી પુરાતન ઇતિહાસના અભ્યાસથી, દરેક મનુષ્યને પ્રતીતિ થવી જ જોઇએ એ કાયદાની અવગણુના કરનારનો વિનાશ જ થાય છે. આ રીતે કુદરતના આ મહાન્ નિયમનું અસ્તિત્વ સ્વયમેવ સિધ્ધ થાય છે. ભ્રાતૃભાવની અવગણુના કર્યાથી, દરેકેદરેક દેશ તેમ જ દરેકેદરેક રાષ્ટ્રનું અધઃપતન થયું છે, એમાં કંઇ શંકા નથી. નિર્બળ મનુષ્યોનાં પીડન અને દરિદ્રનારાયણોનાં રક્તશોષણથી, બળવાન ગણાતા મનુષ્યો કે રાજ્યોની આખરે દુર્દશા જ થઇ છે. ભ્રાતૃભાવ વિનાની સંસ્કૃતિનો વહેલોમોડો વિચ્છેદ જ થાય છે. જે સંસ્કૃતિનું નિર્માણ ભ્રાતૃભાવના સિધ્ધાન્તને અનુરૂપ હોય તે જ સંસ્કૃતિ લાંબો કાળ ટકી શકે છે."

આત્માનાં પરમ ધ્યેયનો યથાયોગ્ય વિકાસ થાય તદર્થે મનુષ્ય માત્રને ભ્રાતૃભાવ અત્યંત આવશ્યક છે. ભ્રાતૃભાવથી પ્રેમના અવિચલ નિયમવશાત્ મનુષ્યને નિશદિન અનેરો આનંદ રહ્યા કરે છે. ભ્રાતૃભાવથી પરાઙ્મુખ રહેનાર મનુષ્ય કુદરતના કોપનો અવશ્ય ભોગ બને છે. જે મનુષ્યમાં ભ્રાતૃભાવ ન હોય તેને કુદરત તરફથી કંઇ ને કંઇ શિક્ષા અવશ્ય થાય છે. કુદરતના નિયમો સર્વદા અવિચ્છિન્ન જ હોય છે. એ નિયમોનો ભંગ કરનાર દુઃખના ભોક્તા અવશ્ય બને એ નિઃશંક છે. ભ્રાતૃભાવનો સિધ્ધાન્ત એ કુદરતનો એક મહાનમાં મહાન્ નિયમ છે. એ નિયમનું ઉલ્લંઘન કરનાર મનુષ્ય અત્યંત દુઃખી બને એમાં આશ્ચય જેવું શું છે?

જનતાનું સદ્ય વિષમ સ્થિતિમાં એવું ઘોર અધઃપતન થયું છે કે, ભ્રાતૃભાવના યથાર્થ વિકાસનું કાર્ય અત્યંત દુર્ઘટ બની ગયું છે. ભ્રાતૃભાવના પ્રચારનું કાર્ય આ પ્રમાણે દુઃસાધ્ય જેવું ભલે લાગતું હોય, પણ તેથી ભ્રાતૃભાવનો પ્રચાર ન જ કરવો એવો અર્થ નિષ્પન્ન થતો નથી. દુનિયાના દરેક મનુષ્યે ભ્રાતૃભાવના યથાયોગ્ય પ્રચાર માટે શકય પ્રયત્ન કરવો જ જોઇએ. દુનિઆના દરેક મનુષ્યનું આજે એ પરમ કર્તવ્ય છે. સત્ય અને જ્ઞાનના પ્રકાશથી સમસ્ત વિશ્વમાં ભ્રાતૃભાવનો પ્રચાર કરવો એ આજે જનતાનું એક મહાન્માં મહાન્ કર્તવ્ય કાર્ય છે.

જો સમગ્ર જનતા મનુષ્ય જાતિનાં દુઃખનાં નિવારણ નિમિત્તે અને અનેક પ્રકારની ભ્રમભ્રાન્તિ દૂર કરવા માટે, ભ્રાતૃભાવથી ઓતપ્રોત થઈ જાય તો દુનીયામાં ઘોર અન્યાય, જુલ્મ અને વિગ્રહજન્ય ભયંકર રક્તપાતનું નામનિશાન પણ ન રહે. ભ્રાતૃભાવને અભાવે જ ઇતિહાસનાં પૃષ્ઠો ભયંકરમાં ભયંકર અન્યાય, વિનાશી વિગ્રહો આદિની કાલિમાથી કલંકિત થયાં છે. ભ્રાતૃભાવરૂપ કુદરતના સરલ નિયમનું જનતાને આવશ્યક જ્ઞાન થતાં, સર્વત્ર વિશ્વાસ અને સદિચ્છાનો પ્રાદુર્ભાવ થશે એ નિઃસંશય છે. ભ્રાતૃભાવથી જ ઇતિહાસનાં પાનાં સુવર્ણાક્ષરે અંકિત થશે, એમાં કંઇ શંકા નથી. ભ્રાતૃભાવના પ્રાદુર્ભાવથી જગતમાંથી ભયવૃત્તિ સર્વથા નાબૂદ થશે. કૃત્રિમ ગૌરવ કે કૃત્રિમ શક્તિ માટે કોઇને લડવાનું રહેશે નહિ, જગતમાંથી સર્વ પ્રકારના ભેદભાવોનો વિનાશ થશે, શત્રુઓ મિત્ર બનશે, દુનિયામાં સર્વત્ર પ્રેમ અને સુસંપનું જ સામ્રાજ્ય જામશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેખક:-મુનિશ્રી હંસસાગરજી મહારાજ.

# પ્રભુ મહાવીરે મોહમસ્ત જગતને
# ત્યાગધર્મ જ કેમ આપ્યો ?

[ એક ધર્માત્માની કરુણ આત્મકથા. ]

[ ગતાંક પૃષ્ઠ ૬૮ થી શરૂ ]

**'विद्या राजसु पूजिता न तु धनम्'**

અર્થ:-'રાજરાજેશ્વરોમાં પણ વિદ્યા પૂજાય છે, ધન પૂજાતું નથી.'

જ્યારે લોકમાં તો એથી વિપરીત જ અનુભવાય છે. ધનવાન્ અવિચારી, દુર્વિચારી, અનાચારી, સ્વેચ્છાચારી કે અનર્થકારી હોય, કૃપણ નિર્દય, અજ્ઞાન, કર્કશભાષી કે અધોગામી હોય; તેમજ ક્રોધ, માન કે માયાપિંડ પણ હોય તો પણ તે જગતમાં માનભેર મનાય છે-પૂજાય છે. નીતિકારો પણ ધનની જ મહત્તા દર્શાવતાં એ જ વસ્તુનું સમર્થન કરે છે. કહ્યું છે કે:—

**वन्द्यते यदवन्द्योऽपि, यदपूज्योऽपि पूज्यते ।**
**गम्यते यदगम्योऽपि, स प्रभावो धनस्य तु ॥३१॥**
**मन्य इति गम्यते.**

અર્થ:-" અવંદનીય છતાં વંદાય છે, અપૂજનીય છતાં પણ પૂજાય છે, અને પાસે જવું પણ ઉચિત નહિં એની પાસે જવાય છે-સેવાય છે ! તે પ્રભાવ તો ખરેખર ધનનો જ છે એમ હું માનું છું." એક સ્થળે તો ધનની મહત્તા વર્ણવતાં ત્યાં સુધી પણ કહી નાખ્યું છે કે—

**विद्यावृद्धास्तपोवृद्धा, ये च वृद्धा बहुश्रुताः ॥**
**सर्वे ते धनवृद्धस्य, द्वारे तिष्ठन्ति किङ्कराः ॥३२॥**
**इवेति गम्यते.**

અર્થ:-" જેઓ વિદ્યાએ કરીને વૃદ્ધ છે અર્થાત્ સમર્થ એવા પ્રૌઢ વિદ્વાનો છે, તેમ જ જેઓ મહાન્ તપસ્વીઓ છે, તથા બહુશ્રુતને ધરનારા એવા જે સમર્થ ગીતાર્થવરો પણ હોય છે તેઓ પણ ધનવંતનાં ગૃહાંગણે સેવકની જેમ ઊભા રહે છે !" આથી તો વિદ્યા, તપ અને બહુશ્રુતધરોની પણ ધનવાન પાસે ગૌણતા જ વર્ણવીને ધનની જ સર્વશ્રેષ્ઠતા જણાવી છે. વસ્તુસ્થિતિ પણ જો એમ જ છે તો ઉપરના કાવ્યમાં વળી એ જ નીતિકારોએ '**विद्या राजसु पूजिता**' એ વાક્યવડે વિદ્યાની જ શ્રેષ્ઠતા જણાવીને '**न तु धनम्**' એ વાક્ય વડે એ ધનની જ લઘુતા કેમ જણાવી ?

એ શંકાના નિવારણાર્થે સમજવાનું કે ઉપર્યુક્ત બંને શ્લોકોમાં પણ જડ અને ક્ષણવિનશ્વર છતાં ય અનેક પાપારંભથી જ નિષ્પન્ન થનાર ધનની મહત્તા નીતિકારોએ અલ્પ પણ લેખી નથી. આમ છતાં પણ એમાં ધનની મહત્તાનો જે આભાસ થાય છે તે તો ફક્ત તે સૂક્તોને ઉત્પ્રેક્ષાલંકારથી જોડવાને કારણે જ છે. ઉત્પ્રેક્ષાલંકારમાં વસ્તુગતે વસ્તુની અસંભાવનીયતા જ હોય છે. આ વસ્તુ નહિ સમજનારનું જ્ઞાન જ સમ્યગ્ નહિં હોવાથી ઉત્પ્રેક્ષાલંકારને પણ વસ્તુસ્વરૂપમાં ખેંચી જઇ સાચી સમજણથી વંચિત

---

**ભ્રાતૃભાવ હોય ત્યાં અહંભાવનું અસ્તિત્વ ન જ હોય. અહંભાવ ન હોય ત્યાં ચઢીયાતાંપણાંનો ખોટો ખ્યાલ પણ ન હોય. ભ્રાતૃભાવથી અસત્ય અને તિરસ્કારભાવનો સર્વથા ઉચ્છેદ થાય છે. આધ્યાત્મિક વિકાસમાં નિમગ્ન થવાથી નમ્રતા આવે છે. દુનિયામાં જેટલા મહાપુરુષો થઇ ગયા છે તેઓ સર્વ નમ્રતાની પ્રતિમૂર્ત્તિ રૂપ હતા. (ચાલુ)**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહે છે. એવી સ્થિતિથી વિદ્વાનો પર હોય છે. મહાન્ ક્લેશ અને ઉત્તરોત્તર દુર્ગતિની વાટ સમા ધનને પણ વિદ્વાનોએ એ અલંકારવડે અલંકૃત કરવામાં એક હેતુ છે.

અને તે એ જ કે શિથિલ ગૃહસ્થીઓને ગૃહસ્થાશ્રમની પણ મહત્તા સમજાવીને પ્રોત્સાહ પ્રેરવાપૂર્વક એને સતત સોદ્યમી જ બનવાની ગર્ભિત પ્રેરણા; કારણ કે સર્વગૃહસ્થોના ગૃહજીવનનો આધાર તો મુખ્યત્વે ધન છે. અને એથી જ ધન એ ગૃહસ્થીઓને માટે લોકોમાં અગીઆરમો પ્રાણ પણ કહેવાય છે! અને એ પણ પ્રાણ એટલો સર્વશ્રેષ્ઠ લેખાય છે કે એની ગેરહાજરીમાં ક્વચિત્ શેષ દશ પ્રાણ પણ ચાલ્યા જતા અનુભવાય છે. એથી જો કોઇ પણ ગૃહસ્થી નિરુદ્યમી કે પ્રમાદી બની બેસે તો એનો સમસ્ત ગૃહસ્થાશ્રમ જ બરબાદ થાય! અને એ બરબાદ થયે એનું મનુષ્યજીવન પણ હણાઇ જાય. એ આવી કપરી સ્થિતિમાં મૂકાય તે વિદ્વાનોને અનિષ્ટ જ હોય એ સ્વાભાવિક છે અને એથી જ ધનથી થતા પ્રત્યક્ષ અને પરોક્ષ અનર્થોને એવાના મગજ ઉપર જ ન આવવા દઇને ધનવાનોને પ્રત્યક્ષ પ્રાપ્ત થતી દુન્યવી પૂજા અને સુખસાહ્યબીને જ ( સ્ત્રી આદિથી પણ થતી અપભ્રાજના અને અપુંસ્તાદિ કારણે નિરપત્યત્યતાદિની હાયવરાળો તો નહિં જ ) અબોધ ગૃહસ્થના પણ લક્ષ પર સ્હેલાઇથી લાવવા માટે બાળબુદ્ધિવડે પણ પ્રત્યક્ષ જણાતી શ્રીમંતોની ઠકુરાઇ માત્ર જ ઉપરના ઉભય સૂક્તોમાં ઢાલવી છે. મતલબ કે માનપાનાદિની પણ આશાના બળે પ્રમાદ તજે અને ઉદ્યમી બને તો એનું સંસારમાં પણ ભાવિ શુભ; એ જ વિદ્વાનોની પરોપકારવૃત્તિ! અને એ વૃત્તિથી પ્રેરાઇને જ ધનને પણ વિદ્વાનોએ ઉત્પ્રેક્ષાલંકારથી યોજ્યું એ જ ઉપરોક્ત ઉભય શ્લોકોનું તાત્પર્ય! તે ધનાલંકાર પણ ગૃહસ્થાશ્રમની જ અપેક્ષાએ જ છે તે તો સ્પષ્ટ જ હોવાથી ધનને ચડાવેલો ઓપ પણ એકદેશીય છે! આથી પણ ધનને વિદ્વાનોએ પ્રશંસ્યું જ નથી એ તેટલું જ સિદ્ધ છે.

જો કે તેમાં પણ વ્યંગાર્થ લઇએ તો ધનવાનોને ધર્મીષ્ઠ માનીને એને ઘેર બેઠાં પણ લાભ આપવા આવેલા વિદ્વાનો, તપસ્વીઓ અને બહુશ્રુતધરોની નીતરાં પરોપકારવૃત્તિનો ય લાભ ઊઠાવવાનું નશીબ ખોઇ બેઠેલા ધનમદાંધોના હૃદયમાં મહાત્માઓ પ્રતિ પણ જે ઘૃણાઓ બેઠી હોય છે તેનું એ ઉભય સૂક્તોમાં નયું પ્રદર્શન જ કર્યું છે. વસ્તુતઃ વિદ્યાદિ ધન પાસે દુન્યવી ધનની કશી ગણના જ નથી. અને એથી જ આજે પણ દેખાય છે કે કર્મવશાત્ ગૃહસ્થાશ્રમમાં પણ રહેવું પડવાને યોગે એ સ્થાનને અવ્યાબાધ જાળવવાની ઝંઝટમાં ઝુકવું જેઓએ જરૂરી જાણ્યું હોય છે તેઓ પણ પોતાના તે સ્થાનના આધારભૂત છતાં મહાપાપારંભોના જ ફલરૂપ એ ધનનું તો પ્રતિદિન વધુ ને વધુ પરિમાણ કરવા જ ઉત્સુક્તા ધરે છે, અને હોય તે ધનને પણ સંઘયાત્રા, તીર્થયાત્રા, સાધર્મિકવાત્સલ્ય, ઉદ્યાપન, ઉજમણા, પુજા અને પ્રભાવનાદિ ધર્મકૃત્યોમાં તેમજ દયાદાનાદિ પુણ્યકૃત્યોમાં થોકબંધ યોજી દે છે. આ વર્ગને મન, ધન કરતાં ધર્મની કિંમત અનંતગુણી હોય છે.

બીજો વર્ગ એવો હોય છે કે—એને સંસારનિર્વાહ માટે ધનની પેટપૂર લાલસા પણ હોય, અને એથી ધનને માટે સેવવા પડતાં ધનના હેતુભૂત પાપારંભોથી પાછો પણ ન રહે; છતાં ય અનીતિ અને માયાપ્રપંચાદિ ફૂડકપટોથી પ્રાપ્ત થતા લાખોગમે દ્રવ્યને પણ તે સ્પર્શવાય ઇચ્છતો નથી. આ વર્ગને મન ધન કરતાં ન્યાય–નીતિની જ કિંમત અનંતગુણી હોય છે. અને એથી જ એના સ્થાન માટે અતિ મહત્ત્વતાને ધારણ કરતા ધનના ભોગે પણ એ વિદ્યા, વિનય, વિવેક—ન્યાય અને નીતિને જ અહોનિશ મેળવે છે. અને એ મય જ સમસ્ત જીવન કેળવે છે.

ત્રીજો વર્ગ એવો જ હોય છે કે—અનેક પાપના યોગે પણ ધન કેમ મેળવવું એ જ એની ધૂન! આ ભવ અને પરભવની ભયદર્શક લાંબી વાતોનાં લેખાં એને સાંભળવાની ય પડી હોતી નથી. પ્રસંગે કોઇ આપ્તજનોથી એવી વાતો સાંભળે તેમાં પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચિત્તને તો ધનનું બનાવીને જ ! એ પણ દયાદાનાદિ તો કરે ય ખરો, છતાં એમાં પણ લોકવ્યવહારમાં શોભનીય દેખાવા પૂરતું જ પ્રાયઃ એનું ધ્યેય ! ધનના પણ ભોગે એ પણ વિદ્યાદિ તો મેળવવા બનતું કરી છૂટે છે, પણ તે દરેક પ્રયાસ મુખ્યત્વે ધનપ્રાપ્તિના જ ધ્યેય યુક્ત હોય છે. આવો વર્ગ વિદ્યા, તપ અને વિશિષ્ટ જ્ઞાનાદિ પ્રતિ ઘણા ધરાવે તે સહજ જ છે; કારણ કે વિદ્યાદિ અપૂર્વ અને અખૂટ ધનની ઓળખ થવાનું સદ્ભાગ્ય જ એને સાંપડ્યું નથી. એ એ અપૂર્વ ખજાનાની જ કિંમત સમજ્યા વિનાના એવાઓ સાર પદાર્થોને અસાર અને અસારને જ સાર માને તેની જ કિંમત શું ?

જ્યારે ગૃહસ્થાશ્રમમાં એક ચોથો વર્ગ એવો જ હોય છે કે-એ પેટને જ પંપાળે, પેટની જ એને પળોજણ, 'વર મરો કન્યા મરો, પણ ગોરનું તરભાણું ભરો' બસ આજ એની મનોદશા ! એ દેવ, ગુરુ કે ધર્મનો નહિં, સગા, સ્નેહી કે સંબંધીનો નહિં. એને કોઇ ઉંચ નીચ નહિં. વ્હાલું કે વૈરી નહિં. માન અપમાનની પણ પરવા નહિં, 'જિસકે તડ મેં લડુ ઉસકે તડમેં હમ' એ ઉક્તિ અનુસાર એ લાભનો જ પક્ષકાર ! જેની પાસેથી એક કવડી પણ પ્રાપ્ત થાય એનો એ સેવક, એ તે મોંઘી માનવજિંદગીના ય ભોગે પણ ધન ધન જ ઝંખે ! આવો વર્ગ નાશવંત અને ક્લેશકારી એવા ધનની જ મુખ્યત્વે મહત્તા લેખે તેમાં એ મહત્તાની જ કિંમત કેટલી ?

આથી મુખ્યત્વે ધન એ જ આધાર છે જેનો એવા ગૃહસ્થાશ્રમમાં જ રહેવા છતાં પણ ધનની બીનપરવા ધરનાર ગૃહસ્થવર્ગ તે સર્વોત્તમ સદ્ગૃહસ્થ ! નીતિની પરવાવાળો વર્ગ તે શ્રેષ્ઠ ગૃહસ્થ ! પાપવડે પણ ધનરુચી તે સામાન્ય ગૃહસ્થ અને પાપપુણ્યના પ્રકારોના જ્ઞાનને ય પંચાત માનીને પુણ્ય વેચીને ય પેટનો જ ખાડો પુરવાની અધમ બુદ્ધિને ધારણ કરનારા ધનાર્થી તે દરિદ્રી વર્ગ-એ મુજબ ચાર પ્રકારે ઉપરોક્ત ગૃહસ્થાશ્રમ કેવી રીતે વહી શકાય છે તેનો વિસ્તારપૂર્વક હેવાલ આપણે રજૂ કરીએ છીએ. અને તે નીચે મુજબ—

## સર્વોત્તમ સદ્ગૃહસ્થ.

પ્રભુશ્રી મહાવીર દેવે બે પ્રકારનો ધર્મ કહ્યો છે, દેશત્યાગ અને સર્વત્યાગ; અર્થાત્ ગૃહીધર્મ અને મુનિધર્મ. સુસમર્થ આત્મા મુનિધર્મને જ આચરે અને તથાપ્રકારે શક્તિહીણ આત્મા મુનિધર્મની રાહ જોતો તેવી સામર્થ્યતા પ્રાપ્ત કરવા માટે જ સંસારમાં રહ્યો છતો ગૃહીધર્મી બને. એ ય જેનાથી બનવું સંભવિત ન હોય તેને માટે પણ પરમાત્માએ એ બંને ધર્મોના આધારભૂત એક અપૂર્વ ધર્મ દર્શાવ્યો છે અને તે સમ્યગ્દર્શન ! ઉપરોક્ત ઉભય ધર્મો પણ સમ્યગ્દષ્ટિને જ પ્રાપ્ત થતા હોવાથી તે બંને ધર્મની ઇચ્છાવાળો આત્મા પણ પ્રથમ તો એ સમ્યગ્દર્શનને જ મેળવે છે ! ચિંતામણી સમાન એ સમ્યક્ત્વરત્ન મહાન્ પુણ્યવાનને જ પ્રાપ્ત થાય છે. એવું એ સમ્યક્ત્વરત્ન ઉભય ધર્મવૃક્ષનું મૂળ છે ! ધર્મ મહેલનો પાયો છે ! એની હયાતિ વિનાનાં વ્રત, યમ, નિયમ, દયા, દાન, શીલ અને ઉત્તમ ભાવનાદિ પણ નિષ્ફળ પ્રાયઃ નીવડે છે. કહ્યું છે કે—

**दानानि शीलानि तपांसि पूजा,**
**सत्तीर्थयात्रा प्रवरा दया च ॥**
**सुश्रावकत्वं व्रतपालनं च,**
**सम्यक्त्वपूर्णानि महाफलानि ॥ ३३ ॥**

**અર્થ:**—"ઘણાં દાન આપ્યાં હોય, બહુ પ્રકારે શિયલ સેવ્યાં હોય, વિવિધ પ્રકારે પૂજા-આંગીઓ રચી હોય, અનેક તીર્થયાત્રાઓ કરી હોય, ઉત્તમોત્તમ દયા પાળી હોય અને શ્રાવકોને ઉચિત એવાં વ્રતોનું પણ પાલન કીધું હોય છતાં તે દરેક સમ્યક્ત્વની હાજરી હોય તો જ મહાન્ ફળવાળા થાય છે" અર્થાત્ સમ્યક્ત્વ વિના એ સહુ નિરર્થક પ્રાયઃ છે; એટલું જ નહિં પણ સમ્યક્ત્વહીણ એવો નવ પૂર્વના પણ સમસ્ત સૂત્રપાઠપઠિત જ્ઞાની અને વિશુદ્ધ ચારિત્રવાન્ પણ હોય તો પણ તે પ્રશંસાને પણ પાત્ર રહેતો નથી. કહ્યું છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**श्लाघ्यं हि चरणज्ञानवियुक्तमपि दर्शनं ॥**
**न पुनर्ज्ञानचारित्रे, मिथ्यात्त्वविषदूषिते ॥ ३४ ॥**

**અર્થ:**—" જ્ઞાન અને ચારિત્ર વિનાનું એકલું દર્શન–સમ્યક્ત્વ પ્રશંસાને પાત્ર છે, પણ મિથ્યાત્વરૂપ હલાહલથી દૂષિત થએલાં એવાં જ્ઞાન અને ચારિત્ર પ્રશંસાને યોગ્ય નથી." કારણ કે તત્ત્વ-શ્રદ્ધાથી ખસેલા–પરવારેલાના માનસો લોકોત્તર પથભ્રષ્ટ બની, લોકહેરીમાં જ ઝપલાવે છે! એનું જ એ ખેંચવામાં મજા માણે છે! આત્મતત્ત્વોને એ ફતવો માને છે! લોકને જેવો વા તેવા એ વાય છે! વાસ્તવિક પરલોક ચિંતાથી એ પરાઙ્મુખ હોય છે! એને તો સંસારની જ રસીકતા હૃદયમાં ઠાંસી ઠાંસીને ભરી હોય છે; કારણ કે એ ભવરસિકો હોય છે! એની એ રસિકતામાં નિરાગીના સુતત્ત્વોને વિશ્રામ જ નથી, અને હોય પણ કયાંથી? એ તત્ત્વો તો એને ઇષ્ટ એવા ભવનો જ ભડકો કરીને એની રાખનો ય શેષ ન રાખે એવા એના પરમ વૈરી છે. આવા ભવાભિનંદીઓનાં જ્ઞાન અને ચારિત્ર પણ ભવવૃદ્ધિના જ હેતુભૂત હોઇને સ્વપરને ભવ-ચક્કીમાં પીસનારાં ભયંકર શસ્ત્રમાત્ર જ છે! અને એથી જ એવા જ્ઞાન અને ચારિત્રની કિંમત જ નથી. વસ્તુગતે વસ્તુ જ ન હોય ત્યાં કિંમત કોની? સમ્યક્ત્વરૂપી મૂળ વિના વૃક્ષ અને એ પાયા વિના ધર્મમહેલ સંભવે જ કયાંથી?

આત્મગુણના પરમનિધાન એવા માત્ર એ સમ્યગ્દર્શનનો પણ એટલો જબરદસ્ત મહિમા છે કે એને પણ જે પુણ્યવાન પ્રાપ્ત કરે તે શ્રી શ્રેણિક મહારાજાની માફક તીર્થંકરપણું પણ પ્રાપ્ત કરે છે. કહ્યું છે કે—

**ज्ञानचारित्रहीनोऽपि, श्रूयते श्रेणिकः किल ॥**
**सम्यग्दर्शनमाहात्म्यात्तीर्थकत्त्वं प्रपत्स्यते ॥३५॥**

**અર્થ:**—" તથાપ્રકારના જ્ઞાન તેમજ ચારિત્રથી પણ હીણ છતાં ય સંભળાય છે કે શ્રી શ્રેણિક મહારાજા માત્ર સમ્યગ્દર્શનના જ માહાત્મ્યથી તીર્થંકરપણાને પ્રાપ્ત કરશે." અર્થાત્ આવતી ચોવીશીમાં પદ્મનાભ નામના પ્રથમ તીર્થંકર થશે.

સામાન્ય રીતે તો શ્રી જિનેશ્વર પરમાત્માનાં વચનામૃતો પ્રતિ અટલ અને અવિહડ શ્રદ્ધા તેનું નામ જ એ સમ્યક્ત્વ કહેવાય છે. કહ્યું છે કે—

**सव्वाइ जिणेसरभासिआई वयणाइ नन्नहा हुंति ॥**
**इहबुद्धि जस्स मणे, सम्मत्तं निच्चलं तस्स ॥३६॥**

**અર્થ:**—" શ્રી જિનેશ્વર મહારાજે કહેલાં સર્વે વચનો કદાપિ અન્યથા હોતાં નથી. આવી બુદ્ધિ જે ભાગ્યવાનના મનમાં વર્તે છે તેને નિશ્ચયે સમ્યક્ત્વ છે."

એ સમ્યક્ત્વ બે પ્રકારે પ્રાપ્ત થાય છેઃ ૧ સ્વાભાવિક રીતે અને ૨ ગુરુમહારાજાદિના ઉપદેશથી. અને તે કેવી રીતે? તેને માટે કહ્યું છે કે **तीर्थकराद्युपदेशमंतरेण स्वभावत एव जंतोर्यत्कर्मोपशमादिभ्यो जायते तन्निसर्गसम्यक्त्वं, यत्पुनस्तीर्थकराद्युपदेशजिनप्रतिमादर्शनादिबाह्यनिमित्तोपष्टंभतः कर्मोपशमादिना प्रादुर्भवति तदधिगमसम्यक्त्वमिति ।** (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનુ. અભ્યાસી બી.એ.

# કેટલાક કલ્યાણ-સૂત્રો.

(૧) સંસારમાં કોઇની સાથે રાગ કે કોઇની સાથે દ્વેષ ન કરો. સૌની સાથે સરખો પ્રેમભાવ રાખો; કેમકે એવી સમતામાં જ ભગવત્પ્રેમનો ઉદય થાય છે.

(૨) સૂક્ષ્મ દૃષ્ટિથી તમારા હૃદય તરફ નજર કરો. એની અંદર કયાંય ઇર્ષા, દ્વેષ વગેરે દુર્ગુણો છુપાયલા તો નથી ને? સમજી લ્યો કે સંસારના કોઇ પણ પ્રાણી પ્રત્યે જેને ઇર્ષા-દ્વેષ હોય છે તેને શાંતિ નથી મળી શકતી. તમે પૂરી શક્તિવડે એને બહાર ફેંકી દો.

(૩) તમે જેના દોષોનું ચિંતન કરો છો તેની અપેક્ષાએ તમને પોતાને જ વધારે નુકસાન કરો છો; કેમકે ચિંતન જ ચિત્ત છે તમારું ચિત્ત દોષોનું ચિંતન કરશે તો તે દોષમય થઇ જશે. બીજાના દોષની શી વાત, તમારા પોતાના દોષોનું ચિંતન પણ જલ્દી છોડી દો.

(૪) આત્મનિરીક્ષણનો આ એક ઘણો સરલ માર્ગ છે. જુઓ કે તમારું ચિત્ત વધારે દોષો તરફ જાય છે કે ગુણો તરફ? સઘળી વસ્તુઓ પોતાના કેન્દ્ર તરફ આકર્ષાય છે. જો તમારું ચિત્ત દોષો તરફ આકર્ષાતું હોય તો એ જ સ્પષ્ટ પ્રમાણ છે કે તમારા ચિત્તમાં દોષો જ ભર્યા છે. તમારું ચિત્ત સર્વત્ર ગુણો જ જુએ એ કેટલું ઉત્તમ છે?

(૫) જ્યારે તમે કોઇ બીજાના સંબંધમાં વિચારો બાંધો છો ત્યારે કેટલા અંધકારમાં રહો છો તેનું તમને જરા પણ ભાન નથી; કેમકે હજુ તો તમે તમારા પોતાના મનને જ કદિ પ્રત્યક્ષ રૂપે નથી જોયું. જે તમારો માપદંડ છે એ અજ્ઞાત મનની જાલમાં ફસાઇને કોઇ વિચાર બાંધશો તો નાહક રાગ-દ્વેષના શિકાર બની જશો, માટે સાવધાન રહો.

(૬) જો તમારું ચિત્ત કેવળ પરમાત્માના અથવા તેના ગુણોના ચિંતનમાં ન ચોટતું હોય તો તમારી દૃષ્ટિમાં જે આદર્શ પુરુષ હોય તેનું અને તેના ગુણોનું ચિંતન કરો, ભાવના કરો. કેટલું મસ્ત રહે છે એ ચિત્ત! જ્યાં જાય છે ત્યાં સર્વત્ર ભગવાનનું દર્શન કરીને મુગ્ધ થઇ જાય છે. તમે પણ મુગ્ધ થઇ જાઓ.

(૭) જે વ્યક્તિ તમારી સમક્ષ ઊભી છે, અત્યારે તમે જેની સાથે વ્યવહાર કરી રહ્યા છો તેના હૃદયમાં પ્રભુ છે. ખૂબ સાવધાન રહો. કયાંય પ્રમાદ ન થઇ જાય.

(૮) જે કાર્ય તમે અત્યારે કરી રહ્યા છો તેની પવિત્રતા તથા ઉત્તમતા સંબંધી તમારી શી ધારણા છે? એ સાચેસાચ પવિત્ર તથા ઉત્તમ તો જ ગણાય જો તમે એ પ્રભુ અર્થે, તેની પ્રસન્નતા અર્થે કરી રહ્યા હો.

(૯) પ્રભુ પ્રીત્યર્થ કર્મ કરવામાં આવે તો તો પ્રભુનાં સ્મરણમાં કશી હરકત નથી આવી શકતી. કર્મની સાથે તમે એટલા બધા આસક્ત થઇ ગયા હો કે તમે પ્રભુનું સ્મરણ સુધ્ધાં તજી દો તો જરૂર ક્યાંક તમારો સ્વાર્થ રહેલો છે. એ સ્વાર્થ શોધી કાઢીને જો તમે પ્રભુના ચરણોમાં સમર્પણ કરી શકો તો આજે જ તમારું જીવન ધન્ય થઇ જાય.

(૧૦) મન ઉપર અધિકાર નહિ રાખવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમારા માર્ગમાં અનેક મુશ્કેલીઓ આવે છે. તમારું જ્ઞાન અને ધ્યાન ઓછું છે એ બતાવે છે. મન તો તમારો સેવક છે. તમારી આજ્ઞા કે અનુમતિ વગર એ કશું ન કરી શકે. એક વાર તમે એના પર અધિકાર જમાવો, પછી તો તે નિરંતર તમારી સમક્ષ સેવકની માફક હાથ જોડી ઊભું રહેશે.

(૧૧) મનની ચંચળતાની જે મુશ્કેલી છે તે સાધનની શરૂઆત કર્યા પહેલાંની છે. જે વખતે તે સાધનનો પ્રારંભ કરશો કે તરત જ તે તમારે વશ થઇ જશે; કેમકે અંતર્મુખ થવું એ જ સાધન છે.

(૧૨) બાહ્ય વસ્તુઓના સંબંધમાં તમારું જ્ઞાન ગમે તેટલું વિશાળ હોય, તો પણ તે પર્યાપ્ત નથી; પરંતુ અંદરના સંબંધમાં તમારું થોડું પણ જ્ઞાન પણ અત્યંત મહાન્ છે.

(૧૩) આકાશની વિશાલતા અને ગંભીરતાને એક વખત તમારા હૃદયમાં સ્થાપિત કરો. પછી જુઓ કે આ બ્રહ્માંડ, આ પૃથ્વી, આ બધી ઘટનાઓ તેમ જ વિચિત્રતાઓ તમારા માટે કેટલી હલકી છે? એ વખતે તમારું હૃદય પરમાત્માનું સિંહાસન બની જશે. તમે તે જોઇ શકશો.

(૧૪) દૈવની ઇચ્છા ઉપર સર્વથા નિર્ભર થઇ જવું અથવા એને માટે વ્યાકુળ બની જવું. ભગવત્પ્રાપ્તિ માટે બસ, બે જ ઉપાય છે, વિચાર કરો, બેમાંથી કયો ઉપાય તમે અપનાવ્યો છે?

(૧૫) જો વ્યાકુલતા સાચી હોય તો વ્યાકુલતાનો માર્ગ નિરાપદ્ છે. નિર્ભરતાનાં માર્ગમાં કશું વિઘ્ન નથી. જો સ્વાર્થ–પરમાર્થ બધાને માટે સમાન નિર્ભરતા હોય તો બન્નેની પરીક્ષા કરીને તમે તપાસી લ્યો. જો એ બેમાંથી એક પણ તમારા જીવનમાં ઉતરેલ હોય તો તમારે માટે કશો ભય નથી.

(૧૬) તમારા ચિત્તમાં કયી કયી વાતોનો ભય છે? ધનહાનિ, માનહાનિ, વિપત્તિ, રોગ, શોક વગેરેનો ભય ત્યાં સુધી જ તમારા ચિત્તમાં રહે છે જ્યાં સુધી તમે એક પરમાત્માનો ભય નથી રાખતા. એકથી ડરશો તો સઘળા ભય ચાલ્યા જશે. તેનાથી નિડર થઈ જશો તો ભયની પરંપરા કદિ પણ નહિ છૂટી શકે. તમે કેવળ પરમાત્માથી જ ડરો, તેને જ સાચા રહો. સાચી વાત તો એ છે કે તમે પરમાત્માથી પણ ન ડરો, પ્રેમ કરો, તેનાથી વધારે પ્રેમપાત્ર બીજો કોણ છે?

(૧૭) એક વખત તમારી કામનાઓ-ઇચ્છાઓનો વિચાર કરો. તમે સ્વાર્થ અને પરમાર્થ, ભોગ અને મોક્ષ એક સાથે ચાહો છો? સંભવ છે કે એમ પણ હોય, પરંતુ તમારા ચિત્તમાં પરમાર્થપ્રાપ્તિની ઉત્કટ ઇચ્છાનો જેમ ભાવ છે તે જ તમારી નબળાઇ છે. તેને કાઢવા માટે તત્પર થઇ જાઓ.

( ૧૮ ) ભગવાનની આરાધનાથી કશું પણ અસાધ્ય કે અસંભવિત નથી. તમે એના ચિંતન–સ્મરણમાં મગ્ન રહો. જરૂર તમને એ વસ્તુઓ–એ દિવ્યતાઓ પ્રાપ્ત થશે, જેના સંબંધી અત્યારે તમે કશી કલ્પના પણ નથી કરી શકતા.

( ૧૯ ) તમે તમારી જાતને અરક્ષિત સમજો છો એટલે જ ભયભીત બનો છો. શું તમારો કોઇ રક્ષક નથી? શું તમારા માથે કોઇનો હાથ નથી? તો તો તમો ખરેખર દુઃખી છો. આવો, પ્રભુની સાનિધ્યમાં અને છત્રછાયામાં નિર્ભય થઇ જાઓ. ત્યાં તો શાંતિ અને સુખનું અક્ષય સદાવ્રત ચાલી રહ્યું છે.

( ૨૦ ) વિશ્વાસ રાખો, કેવળ પ્રભુનો જ વિશ્વાસ રાખો. સંસારનો વિશ્વાસ રાખવાથી કશું વળવાનું નથી. પ્રભુ જેવો વિશ્વાસપાત્ર તમને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુલભ છે તો પછી અહિંતહિં શા માટે ફાંફાં મારો છો ?

( ૨૧ ) જુઓ, તમારી અંદર બહાર, ચારે તરફ અમૃતનો, શાંતિનો પ્રવાહ વહી રહ્યો છે. તેની પર દૃષ્ટિ પડતાં જ તમે અલૌકિક શીતલતાનો અનુભવ કરશો.

( ૨૨ ) પવિત્ર જુઓ, પવિત્ર સાંભળો, અને પવિત્ર બોલો, તમારું એક પણ કાર્ય અપવિત્ર ન હોય. તમારું હૃદય પવિત્ર થઇ જશે ત્યારે જ તમે જોઇ શકશો કે પરમાત્મા કેટલા પવિત્ર છે અને તે કેવા પવિત્ર હૃદયમાં પ્રકટ થાય છે.

( ૨૩ ) તમારી સાધનાની પૂર્ણતા તમારી સચ્ચાઇમાં રહેલી છે. પ્રાર્થના સમયે તો તમે કહો છો કે હું મારું સર્વસ્વ, અહંકાર પણ સમર્પિત કરી દઉં છું. પરંતુ વ્યવહારમાં તમે એ વાતનું સ્મરણ પણ રાખો છો ? તમે પ્રભુ પ્રત્યે સાચા બનો. સઘળો સમય તમારું હૃદય એની સામે ખુલ્લું રહેવા દો.

( ૨૪ ) તમે તમારું હૃદય પ્રભુની સામે રાખો અને તેને કહો કે હે પ્રભુ, આ તમારી વસ્તુ છે. એમાં તમે રહો. એમાં કેવળ તમારો જ પ્રકાશ થવા દો અને તમે અનુભવશો કે તમારું હૃદય પ્રભુના પ્રકાશથી પૂર્ણ થઈ રહ્યું છે.

(૨૫) પ્રભુ જ એક માત્ર સત્ય છે અને સઘળી સત્યતાઓ તેની આજ્ઞાઓ માત્ર છે. એ વિચારથી તમારું હૃદય ભરી નાખો અને સર્વત્ર, સઘળા રૂપમાં તેની એક સત્તાનો અનુભવ કરો.

(૨૬) પરમાત્મા જ્ઞાનસ્વરુપ છે. પ્રત્યેક વૃત્તિનું પ્રત્યેક જ્ઞાન પરમાત્માનું જ્ઞાન છે. પરમાત્મામાં જે જ્ઞાન છે તે જ્ઞાનસ્વરૂપે એને જાણી લેવા તે સાધનાની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. તમને અનુભવ થશે કે હૃદ્દેશમાં બિરાજી રહેલા પરમાત્મા તમારી પ્રત્યેક વૃત્તિ અને સંકલ્પ સાથે પ્રકટ થઇ રહેલ છે. તમને પરમાત્માનો સ્પર્શ મળી ગયો છે !

(૨૭) આ સંપૂર્ણ જગત્ આનન્દસ્વરૂપ લીલા માત્ર છે. એના પ્રત્યેક રુપમાં તે આનન્દની અનંત ધારા પ્રવાહિત થઇ રહી છે. ભાવના કરો, હું એ સત્ય આનંદના પ્રવાહમાં ઉભેલો છું, હું એ મહાન્ આનંદ સિવાય બીજું કંઇ નથી

(૨૮) શુધ્ધ હૃદયમાંથી સાચી પ્રાર્થના નીકળે છે. જે રૂપે તમે ઇચ્છશો તે જ રુપમાં તે તમારી સમક્ષ આવશે. પ્રાર્થના કરો, કેવળ પ્રાર્થના કરો.

(૨૯) તમે પરમાત્માને માતા, પિતા, પુત્ર મિત્ર, સ્વામી અથવા પતિ જે રુપમાં પ્રાપ્ત કરવા ઇચ્છતા હો તે રુપમાં એની ભાવના કરો. એ તમારું સર્વ કંઇ છે.

( ૩૦ ) સમસ્ત દુર્બલતાઓનો ત્યાગ કરીને પૂરેપૂરા ઉત્સાહથી પરમાત્મા તરફ આગળ વધો. તમારા માર્ગના સઘળા વિઘ્નો તેથી દૂર થતાં તમો પરમાત્મા સ્વરૂપ થઇ જશો.

(૩૧) તમારું જીવન પ્રભુમય બનાવી દો. પ્રત્યેક સંકલ્પ, જીવનની પ્રત્યેક ક્રિયા, પ્રભુ પ્રીત્યર્થે કરો. એ મધુરતમ ભાવનાથી તમારું જીવન સત્ય, જ્ઞાન અને આનંદનો ભંડાર થઇ જશે. તમે હંમેશ માટે પરમાત્માને પ્રાપ્ત કરી લેશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેખકઃ-શા. ચોકસી.

# પદકજ નિવાસની તમન્ના.

**પંદરમા** ધર્મજિનના સ્તવનમાં યોગીરાજ આનંદઘનજી અધ્યાત્મપંથના પથિકને વિશ્વ-પર પ્રવર્તી રહેલા–ધર્મના ઉમદા નામ હેઠળ ચાલતા સંખ્યાબંધ મતમતાંતરોનો મોહ છોડી દઇ, કિંવા એ મતોની વિવિધવર્ણી તત્ત્વપ્રણાલિકાઓ અથવા તો તર્ક–ન્યાયની ઊંડી ગૂંચો ઊકેલવાનું અભરાઇ પર ચઢાવી મૂકી કેવળ પોતાના આત્મ–ઊંડાણમાં ડોકિયું કરવાની વાત સમજાવે છે. એ સારુ અવલંબન તરિકે–જેમણે એ રીતે પૂર્ણપણે ડોકિયું કરી લાભ મેળવ્યો છે એવા 'ધર્મ' શબ્દથી અલંકૃત થયેલ તીર્થપતિ શ્રી ધર્મનાથને દૃષ્ટિ સન્મુખ રાખે છે. પ્રથમ ગાથામાં સ્તવના કરતાં આત્માની જે સાચી તમન્ના છે તે નિમ્ન લીંટીદ્વયમાં વ્યક્ત કરે છે.

'બીજો મનમંદિર આણું નહીં,
એ અમ કુલવટ રીત.'

વાત પણ સો ટચના સોના જેવી છે. જે જીવ આત્મા અને પુદ્ગલના સ્વભાવ સમજ્યો, ચેતન-જડના ભિન્ન ભિન્ન લક્ષણો જાણી ચૂકયો તે શા સારુ અન્ય રાગી દેવના પાસા સેવે? પોતાની વિચારભૂમિકામાં એ રાગદશાભર્યા-કહેવાતા દેવોની સ્થાપના કરી શું સાર કહાડે? એણે કરવો છે સ્વસ્વરૂપનો સાક્ષાત્કાર જે વીતરાગ-દશા વિના સંભવિત નથી. તેથી ધર્મના સાર-ભૂત ધર્મજિનેશ્વરના ચરણ પકડવા શ્રેયસ્કર છે. તેઓની કારકીર્દી વિચારવા ને મનન કરવા યોગ્ય છે, એવો સચોટ નિર્ધાર કરી જ્યાં બીજી ગાથા પ્રતિ દૃષ્ટિ દોડાવે છે ત્યાં—

બાહ્યદૃષ્ટિ જીવોને 'ધરમ'નું નામ પોકારતા જુવે છે. અરે! માત્ર પોકારતા જ કેમ! ધરમને પલ્લે બાંધી ફરતાં અને જરૂર પડતાં સ્વાર્થપૂર્તિ માટે એને (ધર્મને) વટાવતાં નિહાળે છે! માંસ-મદિરાના લોલુપી, વિના રોકટોકે એ આરોગી શકે એ સારુ યજ્ઞ નિમિત્તની હિંસાને ધર્મનો ઝભો પહેરાવતાં નિરખે છે! મહાકાળીના નામે ઘેટા–બકરાના માંસથી દિવાળી ઉજવતાં દેખે છે! શિવધર્મ–વૈષ્ણવધર્મ–સન્યસ્તધર્મ–ગૃહસ્થાશ્રમધર્મ-તપધર્મ-કુલધર્મ-શાક્તસંપ્રદાય આદિ જાતજાતના ફાંટાઓ પાછળ ધમ શબ્દને જોડી દઇ ક્રિયાકાંડની, આડંબરની, ધુમધામની એવી તો જાળ–ગૂંથણી વિસ્તારવામાં આવી છે કે આત્મા એક વાર એમાં ઝંપલાયો કે પછી આત્મસાક્ષાત્કાર જેવી અણમોલી વસ્તુ અથવા તો સ્વસ્વરૂપની સાચી પિછાન એને યાદ જ આવતી નથી! સંપ્રદાયોદ્વારા નિયત કરાયેલ ચીલાથી એ દૂર જઇ શકતો જ નથી! એ સાધનોને સાધ્ય માની ચલાવે રાખે છે અને આવું ઘણાખરા 'ધર્મ'ના લેબાશ હેઠળ ઓળખાતાં સંપ્રદાયોમાં, અરે! ગત સ્તવનમાં જોઇ ગયા તેમ ખદ અરિહંત દેવના ઉપાસકોમાં પણ દૃષ્ટિગોચર થતું હોવાથી-અને એ ચિત્ર અહર્નિશ નજર સામે રમતું દેખાવાથી જે વિષાદ જન્મે છે, જે આવેગ ઉદ્ભવે છે તે નિતરું સત્ય યોગીરાજના મુખે ઉચ્ચરાવે છે—

ધરમ ધરમ કરતો જગ સહુ ફરે,
ધરમ ન જાણે હો મર્મ. જિ૦

અર્થાત્ પ્રાણીઓ ધર્મના નામે દોડાદોડ કરે છે છતાં એ શબ્દનો સાચો અર્થ કે એ પાછળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાયેલ કિંમતી મર્મ સમજતા નથી સાચો ધર્મ તે જ છે કે જે કર્મોનો બંધ ઉપર કાપ મૂકે. તે ત્યારે જ શકય બને કે આશ્રવ અને સંવરનું સ્વરૂપ સમજાય. એક તરફ આવતાં નવા કર્મોને રોકવામાં આવે અને બીજી તરફ જેઓ ઘર કરી બેઠાં હોય તેઓને શોધી શોધીને પાણીચું પકડાવવામાં આવે. જ્યાં કર્મોના આવરણ દૂર થયાં કે આત્માનુ મૂળ સ્વરૂપ સ્ફટિક રત્ન સમ નિર્મળ બનવાનું. એ વેળા જ સંસારનું સાચું દર્શન થવાનું એ કરાવવામાં નિમિત્તભૂત બને તે જ સાચો ધર્મ અને એ ધર્મ પૂર્ણપણે ઓળખી જેમણે અમલી બનાવ્યો છે એવા ધર્મજિન સિવાય બીજાની પાસે શોધવા જવાથી કે જૂદા જૂદા પંથ કે સંપ્રદાયોમાં ભટકવાથી લાભી શકાય તેમ નથી જ, તેથી ધર્મજિનના ચરણસેવી બનવાની જરૂર છે; કારણ કે–

'ધરમ જિણેસર ચરણ ગ્રહ્યા પછી,
કોઇ ન બાંધે હો કર્મ.

એ અનુભવથી ઉચ્ચારાયેલું વાકય છે. યોગીરાજની આ વાતની પુષ્ટિમાં ઉપાધ્યાયજી મહારાજના શ્રી સીમંધરજિન સ્તવનમાંથી નિમ્ન શબ્દો ધરી શકાય.

ધુમ ધામા ધમાધમ ચલી, જ્ઞાનમારગ રહ્યો દૂર રે.

અથવા તો કસ્તૂરીયા મૃગનું દ્રષ્ટાંત રજૂ કરી શકાય. પોતાની દૂંટીમાં રહેલ કસ્તૂરીનું જેને ભાન નથી એવો તે હરણીયો કસ્તૂરીની વાસ અર્થે અરણ્યમાં ચારે તરફ ફાળો ભરે છે! જે પોતાના અંતરમાં છે તે બહાર શોધવાથી મળે ખરું ? અલબત્ એ સારુ ગુરુગમની આવશ્યકતા ખરી જ. એ વાત નીચેની કડીઓથી સહજ સમજાય તેમ છે.

પ્રવચન અંજન જો સદ્‌ગુરુ કરે,
દેખે પરમ નિધાન. જિ૦
હૃદય નયણ નિહાળે જગધણી,
મહિમા મેરુ સમાન. જિ૦
દોડત દોડત દોડત દોડીઓ,
જેતી મનની રે દોડ. જિ૦
પ્રેમ પ્રતીત વિચારો ઢુંકડી,
ગુરુગમ લેજો રે જોડ. જિ૦

ઉક્ત કડીયુગલમાં મુમુક્ષુ આત્માને કસ્તૂરીયા મૃગની માફક જ્યાં ત્યાં માથુ મારવાની કે આમ તેમ દોડાદોડ કરવાની વૃત્તિ ત્યજી દઈ અનુભવી ગુરુનો સધિયારો શોધવાની ચેતવણી આપવામાં આવી છે. સાથોસાથ ભારપૂર્વક કહેવામાં આવ્યું છે કે એક વાર જો સદ્‌ગુરુના હાથે હૃદયરૂપ ચક્ષુને વિષે સિદ્ધાંતરૂપ અંજન યથાર્થ રીતે થયું તો સમજી લેવું કે અનાદિકાળનો મિથ્યાત્વરૂપ રોગ નાઠો; અને હૃદયરૂપ નેત્રથી પરમેશ્વરના સાચા દર્શન થયા એ પ્રસંગનો મહિમા મેરૂપર્વત સમાન સર્વોત્કૃષ્ટ થાય અર્થાત્ એ નિરૂપમ લેખાય.

આમ છતાં પ્રગતિવાંછુ આત્માને શંકા થાય છે કે ધર્મજિન સાથે એકપક્ષી પ્રીતડી બાંધવી કેવી રીતે ? પ્રેમ કે સ્નેહ તો ઉભય પક્ષની સરખી તમન્નાથી બંધાય છે જ્યારે અહીં તો સાવ દશા જુદી છે ! આસમાન જમીન જેટલું અંતર છે ! એકનો વાસ સુરભિ–રમ્યા ને મનોહર સ્ફટિકની શિલા પર છે જ્યારે બીજાનો કષાય જેના મંડાણરૂપ છે એવા તિર્છાલોકમાં છે ! એ ધર્મનાથ નિરાગી ને કોઇપણ જાતના કાર્મિક બંધનથી રહિત છે. ત્યારે મારામાં તો રાગ ને મોહની છોળો ઊડી રહી છે. ! આમ મહાદેવને મીંયાંનો જોગ ખાય તેવું છે જ કયાં ? સાવ પ્રકૃતિમાં જ નિરાળાપણું ! ત્યાં સાચી પ્રીતિની જડ કેમ જામે ?

કહ્યું છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકૃતિ મિલે તેં મન મિલે,
અનમિલતે ન મિલાત;
દૂધદહીં તેં જમત હે,
કાંજી તેં ફટ જાત.

આવી જ શંકા શ્રીમદ્ દેવચંદ્રજી શ્રી ઋષભદેવના સ્તવનમાં દાખવે છે.

પ્રીતિ કરે તે રાગીયા,
જિનવરજી હો તુમે તો વીતરાગ;
પ્રીતડી જેહ અરાગીથી,
મેળવવી હો તે લોકોત્તર માર્ગ.

અને સમાધાન પણ આપે છે. આ રહ્યા એ શબ્દો—

પ્રીતિ અનંતી પર થકી,
જે તોડે હો તે જોડે એહ;
પરમ પુરુષથી રાગતા,
એકત્વતા હો દાખી ગુણ ગેહ.

અહીં પણ યોગીરાજ મુમુક્ષુ આત્માને એવી જ રીતે અંગૂલિનિર્દેશ કરતાં–મૂળ સત્તા પ્રતિ પ્રકાશ ફેંકતાં કવે છે કે—

પરમ નિધાન પ્રગટ મુખ આગળે,
જગત ઉલંઘી હો જાય. જિને૦
જ્યોતિ વિના જુઓ જગદીશની,
અંધોઅંધ પુલાય. જિને૦

પરમ નિધાનનું સાચું ઠેકાણું જે અંતઃકરણરૂપ હૃદયકમળ છે એ તરફ જરા માત્ર દૃષ્ટિ સરખી કરતાં નથી અને કષ્ટ ક્રિયાદિક પાછળ આંધળીઆ કર્યે રાખે છે ! આંધળો દોરનાર ને આંધળા પાછળ ચાલનાર હોય ત્યાં બીજા પ્રકારનો વર્તાવ સંભવે જ શી રીતે ? જ્ઞાનદૃષ્ટિના પ્રકાશ વિના સમજ પડે પણ કયાંથી કે ધર્મનાથની જ્ઞાનપ્રકાશક જ્યોતિ અને આત્માની સ્વરૂપપ્રાપ્તિની જ્યોતિ એ ભિન્ન નથી પણ એક જ મગની બે ફાડો છે, અર્થાત્ અભિન્ન છે.

જો આટલી નાનકડી વાત બરાબર સમજાય તો દિલ્હી દૂર છે જ નહીં. અનંત ગુણરૂપ રત્નોના રોહણાચળ સમાન પંદરમા ધર્મનાથ, વળી મુનિવરોના અંતઃકરણરૂપ માનસરોવરને વિષે બિરાજમાન હંસ સમાન ધર્મનાથ, ઓ આત્મન્ ! એક વેળા ત્હારા જેવા જ માનવીપણામાં ઉછર્યા હતા. એ પવિત્ર ભૂમિનું નામ રત્નપુરી હતું. ત્હારી માફક તેમને પણ માતાપિતા અને કુલ વંશના વળગણ હતાં જ. એ કાળના માપમાં પણ આજની માફક ત્રીશ ઘડીનો કે બાર કલાકનો દિવસ ગણાતો; એટલે કે આવી તો કંઇ કંઇ સરખાઇઓના ઉલ્લેખ કરી શકાય, ફેર એટલો જ કે તેઓ એ બધામાં ઉછર્યા છતાં જળપંકજવત્ અલિપ્ત રહ્યા અને જ્યાં તક સાંપડી કે વગર વિલંબે ચાલી નિકળ્યા. અનંતી પ્રીતિઓની ગૂંચને તોડી નાંખી એક પરમ પુરુષ સાથેની સાચી પ્રીતનો આશ્રય લઇ લીધો તેથી જ એમનો સધિયારો વાસ્તવિક છે.

આ શ્રવણ કરતાં જ મુમુક્ષુ આત્મા નાચી ઊઠે છે, ધર્મનાથ પ્રભુનું સાચું પિછાન કરે છે, પોકારે છે.

મનમધુકર વરકર જોડી કહે,
પદકજ નિકટ નિવાસ; જિ૦
ઘનનામી આનંદઘન સાંભળો,
એ સેવક અરદાસ. જિ૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## લેખસંગ્રહ ભાગ ૩ જો.

સદ્‌ગુણાનુરાગી શ્રી કર્પૂરવિજયજી મહારાજના લેખોના સંગ્રહનો આ ત્રીજો ભાગ છે.

પ્રકાશક, શ્રી કર્પૂરવિજયજી સ્મારક સમિતિ–મુંબઇ. જે મહાપુરુષે પોતાનું આખુ જીવન શાંતિમય આરાધનામાં વિતાવ્યું છે અને લેખિત સરળ અને ઉપદેશક બાળજીવો પણ સમજી શકે તેવું સાહિત્ય લખી લેખો દ્વારા જુદા જુદા પેપરોમાં પ્રસિદ્ધ થયેલું છે તે તમામનો સંગ્રહ તેઓશ્રીના સ્મરણાર્થે એક ફંડ કરી કમિટી નીમી તે દ્વારા લેખ સંગ્રહ નામની બુકો દ્વારા પ્રકટ થાય છે, તેનું આ ત્રીજું પુસ્તક છે. સદ્‌ગત મહાત્માએ પોતાના ચારિત્ર જીવનના ઘણા વર્ષોમાં આવું ઉપદેશક સાહિત્ય ઘણું જ લખ્યું છે. તેઓની ભાષા સરલ ગુજરાતી હોવાથી સૌ કોઇ સમજી શકે તેવું છે. તે પેપરો દ્વારા પ્રગટ કરાવ્યું તેટલું જ નહિ પરંતુ કેટલાક ગ્રંથોનું દોહન કરી ભાષાંતર કરી તેવું એકઠું કરી ઉપદેશ દ્વારા આર્થિક સહાય અપાવી, પુસ્તકો દ્વારા પ્રસિદ્ધ કરાવી, ફ્રી–મફત પણ મહારાજશ્રીએ આપી જૈન સમાજ ઉપર ઉપકાર કર્યો છે. તેઓશ્રીની ઇચ્છા વગર પૈસે પ્રચાર કરવાની હતી અને તેઓશ્રીએ પોતાના જીવન સુધી તો તેમ જ કર્યું છે. તેઓશ્રીનો પ્રગટ અપ્રગટ સંગ્રહ આવા ગ્રંથદ્વારા પ્રકટ થાય તે ઇચ્છવા યોગ્ય છે. આ ગ્રંથની શરૂઆતમાં એ બોલ ભાઈ ફતેહચંદ ઝવેરભાઇએ લખેલ તે તેમના પરિચિત હોવાથી સ્વર્ગવાસી મહાત્માના ચારિત્ર, ત્યાગ ભાવ અને ઉપકારીપણાને બતાવેલ છે. કિંમત પાંચ આના પ્રચાર કરવાની દૃષ્ટિએ યોગ્ય છે.

## આદર્શ જૈન દર્શન ચોવીશી અને અનાનુપૂર્વી.

પ્રકાશક: **શ્રી પંડિતજી ભગવાનદાસ જૈન-જયપુર.**

આ પહેલાં અન્ય બંધુએ પ્રકટ કરેલ દર્શન ચોવીશી અમોએ જોઇ છે, પરંતુ આ આદર્શ દર્શન ચોવીશીમાં આપેલ ચોવીશ પ્રભુની છબીઓ કળાની દૃષ્ટિએ જયાં જોઇએ ત્યાં તેવા રંગો પૂરી તૈયાર કરેલી છે. વળી વિશેષમાં દરેક પ્રભુની સાથે બંને બાજુ યક્ષ તથા શાસનદેવીની છબીઓ પણ તેમના વાહન તથા આયુધ વગેરે સાથે તેવા જ રંગમાં આપેલી હોઇ નમુનેદાર બનેલ છે. અનાનુપૂર્વી તે તો ખાસ પરમાત્માનું ધ્યાન કરતાં એકાગ્રતા જળવાઇ રહે તે માટે ઉપયોગી છે. મોટા અક્ષરોમાં તેના આંકો આપેલા છે.


કળાદૃષ્ટિએ ચિત્રકામની કિંમત બધા મનુષ્યો આંકી શકે નહિ, તેના પરીક્ષકો પણ હોય છે. આ દર્શન ચોવીશી ઘણી સુંદર બનાવેલી છે. તેની કિંમત રૂા. ૧–૮–૦ છે, પરંતુ આવી સુંદર વસ્તુનો વધારે પ્રચાર થાય તે દૃષ્ટિએ પ્રકાશક પંડિતજી કિંમત ઓછી કરે તેમ સૂચના કરીએ.

## સંતની વાતો.

લેખક: શ્રીયુત ગોપાળજી ઓધવજી ઠક્કર, ભાવનગર. કિંમત આઠ આના. ભાવનગરના એક શહેરી અને વેપારમાં મચેલા ગોપાળજીભાઇએ ઘણા વખતથી સંગ્રહ કરેલ પુસ્તિકા રૂપે પ્રગટ કરેલ છે. સાત પ્રકરણોને બદલે સાત દિવસના નામમાંથી આખા ગ્રંથમાં આપેલા વિષય જનસમાજને ઉપયોગી અને આત્માને શાંતિ ઉપજાવનાર છે. આમાં ધર્મભેદ જેવો કોઇ વિષય નથી, પરંતુ અમૂલ્ય દોહન છે. સર્વને વાંચવાની ભલામણ કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## વલ્લભ જન્મજયંતિ,–ગુજરાંવાલા.

ચાલતા કા. સુ. ૨ તા. ૧–૧૧–૪૦ શુક્રવારના શુભ દિવસે આચાર્યશ્રીજીએ ૭૦ વર્ષ પૂરા કરી ૭૧ મા વર્ષમાં પ્રવેશ કર્યો છે જેથી આ ૭૦ મી વરસગાંઠ–વલ્લભ જયંતિ પંજાબ શ્રી સંઘે ઘણી જ ધામધુમથી ઉજવી.

ગુજરાંવાલા પંજાબમાં જૈનપુરી છે. શ્રી વલ્લભ જન્મ જયંતિ નિમિત્તે કા. સુ. ૧ તા. ૩૧ મીએ ઘણા જ સમારોહપૂર્વક વરઘોડો ચઢાવવામાં આવ્યો હતો. એમાં જગદ્‌ગુરુદેવ શ્રી વિજયહીરસૂરિજી,ગુરુદેવ શ્રી બુદ્ધિવિજયજી (બુટેરાયજી) મહારાજ, ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજ આદિની છબીઓ બગીઓમાં તથા હાથી ઉપર બિરાજમાન કરવામાં આવી હતી. ચાંદીના રથમાં પ્રભુપ્રતિમા બિરાજમાન કરવામાં આવી હતી. અંબાલા શ્રી આત્માનંદ જૈન સ્કુલબેન્ડ, માલેરકોટલા શ્રી આત્માનંદ જૈન સ્કુલબેન્ડ, લુધીયાણા શ્રી આત્માનંદ જૈન સ્કુલબેન્ડ, ગુજરાંવાલા શ્રી આત્માનંદ જૈન ગુરુકુલબેન્ડ, હિન્દુ સ્કુલબેન્ડ અને બીજા બેન્ડોએ પોતાના ગગનભેદી ધ્વનીઓથી આખા શહેરને ગુંજાવી દીધું હતું. લાહોર, નારોવાલ, જંડીઆલા, ગુજરાંવાલા ગુરુકુલ આદિની ભજનમંડલીએ સારી જમાવટ કરી હતી. ઠેકાણે ઠેકાણે અજૈન બંધુઓએ પ્રસન્ન ચિત્તે ભજનમંડલીઓ ઉપર ફૂલોનો અને નાણાંનો વરસાદ વરસાવ્યો હતો.

સમાધિ–મંદિરની પાસે ખાસ મંડપ તૈયાર કરવામાં આવ્યો હતો. કા. સુ. ૨ ના પ્રાતઃકાલે બેન્ડ-વાજાઓ સહિત વરઘોડાની સાથે આચાર્ય મહારાજ પોતાની શિષ્યમંડલી સાથે મંડપમાં પધાર્યા.

રોડવંશીય બાબુ બિહારીલાલજીની અધ્યક્ષતામાં વિરાટ સભા ભરવામાં આવી હતી.

પૂજ્યપાદ્‌ આચાર્યશ્રીજી આદિ મુનિરાજો ઉચ્ચાસન પર બિરાજમાન થયા હતા.

મંગલાચરણ પશ્ચાત્‌ સમસ્ત પંજાબ શ્રી સંઘના તરફથી શ્રદ્ધાંજલી પંડિત હંસરાજી શાસ્ત્રીએ વાંચી સંભળાવી અને અધ્યક્ષમહોદયે આચાર્યશ્રીજીના પુનિત કરકમલોમાં જયનાદોની સાથે અર્પણ કરી. આના પ્રત્યુત્તરમાં આચાર્યશ્રીજીએ ભાવવાહી દિવ્ય ઉપદેશ આપી જણાવ્યું કે આ જે કાંઇ માન વિગેરે છે તે સ્વર્ગવાસી ગુરુદેવને છે, ને હું પણ આ માનપત્ર વિગેરે શ્રી ગુરુદેવને જ સમર્પણ

---

## પ્રાચીન સજ્ઝાય તથા પદ સંગ્રહ. વિભાગ પહેલો.

આ ગ્રંથ આચાર્ય શ્રી વિજયદાનસૂરિજી ગ્રંથમાળા તરફથી માસ્તર હીરાલાલ રણછોડભાઇ, સુરત ગોપીપુરા તરફથી પ્રકટ થયેલ છે. મૂલ્ય બાર આના. આ ગ્રંથમાં અનેક પ્રાચીન મહાપુરુષોના રચેલ પ્રગટ અપ્રગટ સજ્ઝાયો અને પદોનો સંગ્રહ આપવામાં આવેલ છે. આવું પ્રકાશન જેમ ઉપયોગી છે તેમ અપ્રકટ સજ્ઝાયો પદો વગેરેનું પ્રકાશન વિશેષ ઉપકારક છે; કારણકે કેટલાક જૈન ઐતિહાસિક સાહિત્યને તે મદદરૂપ થઈ પડે છે. પ્રયત્ન યોગ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરું છું. આ મહામૂલ્ય ઉપદેશનો પ્રભાવ સભા ઉપર ઘણો જ સારો પડ્યો હતો.

બાબુ અનંતરામજી એડવોકેટને શ્રી આત્માનંદ જૈન ગુરુકુલમાં અધિષ્ઠાતા સ્થાપન કરી વાસક્ષેપ નાખ્યો હતો. શ્રી વિજયાનંદ જૈન શ્વેતાંબર કમિટી (ગુજરાંવાલા) શ્રી સંઘે અને લાલા જગન્નાથ દીવાનચંદે પોતાના તરફથી એમ બે સોનાના ચાંદ ( મેડલ્લો ) આપવામાં આવ્યા હતા.

લાહોરનિવાસી બાબુ રાજેન્દ્રપ્રસાદજીએ મધુર ભાષામાં આચાર્યશ્રીજીના ગુણાનુવાદ કર્યા હતા. અધ્યક્ષમહોદયે સુંદર વિવેચન કરી આચાર્યશ્રીજીની ભૂરી ભૂરી પ્રશંસા કરી હતી. ૧૧ા વાગે જયનાદની સાથે સભા વિસર્જન થઇ.

બપોરે બે વાગે ફરીથી અમૃતસરનિવાસી બાબુ મોહનલાલજી એડવોકેટની અધ્યક્ષતામાં સભા થઇ.

સનાતન ધર્મ પ્રચારક પત્રના એડીટર સાહેબ પંડિત રૂલીયારામજી, શીખજ્ઞાની મનમોહનસિંહજી, અંબાલા શ્રી આત્માનંદ જૈન કોલેજના પ્રોફેસર શ્રીયુત્ વિમલપ્રસાદજી અને મહમદદીન વિગેરે વક્તાઓના ગુરુભક્તિ આદિ વિષયો પર અસરકારક ભાષણો થયા. લુધીયાનાના એક મુસલમાન શાયરે મૂર્તિપૂજા ઉપર સુંદર ગજલ ગાઇ સભાને ચકિત કરી દીધી હતી. આથી ગુજરાંવાલા શ્રી સંઘ તરફથી મેડલ આપવામાં આવ્યો હતો.

મંત્રી તિલકચંદજીએ પંજાબ ઉપરાંત ભાવનગર, મુંબઇ, અમદાવાદ, પાટણ, સુરવાડા, કરજણ, વરકાણા, ઉમેદપુર, સોજત વિગેરે દેશ–દેશાવરોથી આવેલા મુબારકબાદીના તારો અને પત્રો વાંચી સંભળાવ્યા હતા. પાંચ વાગે સભા વિસર્જન થઇ હતી.

રાતના આઠ વાગે બાબુ નિરંજનદાસની અધ્યક્ષતામાં સભા ભરાઇ હતી. લાલા બિહારીલાલ બગડ્વા વિગેરેના અસરકારક ભાષણો થયાં અને ભજનમંડળીઓના મનમોહક ભજનો થયા હતા.

માલેરકોટલાની શ્રી આત્માનંદ જૈન સ્કુલના વિદ્યાર્થીઓએ અહિંસા ઊપર ન્યાયપાલ રાજાનો ડ્રામા કરી સભાને રંજિત કરી હતી. આ અવસરે વક્તાઓને, ભજન મંડળીઓને અને ડ્રામામાં સુંદર પાઠ ભજવનારાઓને મેડલ અર્પણ કરવામાં આવ્યા હતા. જયકારોની સાથે એક વાગે સભા વિસર્જન થઇ.

બપોરના સમારોહપૂર્વક દહેરાસરમાં પૂજા ભણાવવામાં આવી હતી.

બીજના દિવસે લાલા ચરણદાસજી મન્હાણીના તરફથી ગરિબોને ભોજન આપવામાં આવ્યું હતું.

ત્રીજના દિવસે આચાર્યશ્રીનું પ્રભાવશાળી વ્યાખ્યાન થયું. બપોરે શ્રી આત્માનંદ જૈન ગુરુકુલ તથા મહાસભાના અધિવેશનો થયાં.

મહાસભાના દફતર અંબાલાથી ગુજરાંવાલામાં લાવવા ઠરાવ થયો.

ત્રણ દિવસ સુધી ભરચક પ્રોગ્રામ રાખી આચાર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરિજીનો જન્મદિવસ ઉજવવામાં આવ્યો. સભાએ આચાર્યશ્રીજીનું દીર્ઘાયુ ઇચ્છયું હતું અને એઓશ્રીજીના શુભ હસ્તે શાસનપ્રભાવનાના કાર્યો થતા રહે એમ ભાવના ભાવી હતી. સર્વે જૈનોએ દીપાવલી કરી હતી.

## જન્મમહોત્સવ–ભાવનગર.

આચાર્યવર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનો ૭૦મો જન્મમહોત્સવ કારતક શુદિ ૨ના રોજ શ્રી પંજાબના સકળ સંઘે ઉજવવાનું નક્કી કરતા આ સભા તરફથી પણ એક જાહેર મેળાવડો કરી જન્મમહોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સભાના મકાનમાં શ્રી આચાર્ય મહારાજકૃત શ્રી પંચપરમેષ્ઠીની રાગરાગણીપૂર્વક પૂજા ભણાવવામાં આવી હતી.

ત્યારબાદ **શેઠ હરજીવનદાસ દીપચંદ**ની દરખાસ્ત અને **શેઠ અમૃતલાલ છગનલાલ**ના અનુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોદનથી **રા. રા. મોતીચંદભાઇ ઝવેરચંદના** પ્રમુખપદે જાહેર સભા મળી હતી.

મેળાવડાના આરંભમાં આ સભાના મંત્રી **શ્રીયુત વલ્લભદાસભાઇએ** શ્રી ગુરુદેવના જીવન પ્રસંગોનો પરિચય કરાવવા સાથે ગુજરાંવાલા જેવા પ્રદેશમાં પર્યુષણના દિવસોમાં માંસનો વેપાર બંધ કરાવવામાં આચાર્યશ્રીજીએ જે કુનેહ વાપરી હતી તેમ જ જૈન ધર્મના પ્રચાર માટે, જૈન શિક્ષણ સંસ્થાઓના જન્મ માટે જે સેવા બજાવી છે તેનું સુંદર શબ્દોમાં લંબાણુથી વક્તવ્ય રજૂ કર્યું હતું.

ત્યારબાદ **રા. કુંવરજી આણંદજીએ** જણાવ્યું કે સ્વ. શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજના પગલે આજે આચાર્યદેવ સુંદર કાર્ય કરી રહ્યા છે. ત્યારબાદ **રા. રા. જીવરાજભાઈ ઓધવજી દોશી** હાઇકોર્ટના માજી ચીફ જડજે જણાવ્યું કે આચાર્યશ્રીજી કેળવણીના ઉત્પાદક છે. મહાવીર જૈન વિદ્યાલય વગેરે સંસ્થાઓ તેઓશ્રીને આભારી છે. ત્યારબાદ કવિશ્રી **રેવાશંકર વાલજી બધેકાએ** સુંદર વિવેચન કર્યું હતું.

છેવટે પ્રમુખસ્થાનેથી સમયોચિત વિવેચન કરવામાં આવતા સૂરિજીનો એક શિક્ષણપ્રેમી અને શાસનપ્રભાવક તરીકે પરિચય આપવામાં આવ્યો હતો

ત્યારબાદ **શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ** એ ટુંક વિવેચન કર્યા બાદ **શેઠ દેવચંદ દામજીભાઈએ** સૌનો આભાર માન્યો હતો.

છેવટે અલ્પાહાર આપવામાં આવ્યા બાદ સભા વિસર્જન કરવામાં આવી હતી.

### કરજણ.

કરજણ (ગુજરાત)માં શ્રી જૈન સંઘની સભા આચાર્યશ્રી વિજયકનકસૂરિજીના અધ્યક્ષપણા નીચે તે માટે ભરવામાં આવી હતી. મુનિશ્રી ભક્તિવિજયજી તથા વકીલ શ્રી ચંદુલાલભાઇ છોટાલાલ, વકીલ સોમચંદભાઇ વગેરેએ આચાર્ય મહારાજના જીવન-ચરિત્ર અને સમાજ ઉપર કરેલ ઉપકાર માટે વિવેચનો કર્યાં હતા. આચાર્ય મહારાજનું દીર્ઘાયુ ઇચ્છવા માટે શેઠ ઝવેરચંદ છગનલાલ અને ડાહ્યાભાઇ ચુનીલાલે ઠરાવ મૂકયો હતો. આચાર્યમહારાજે ઉપસંહાર કરતાં ગુજરાનવાલા શ્રી સંઘ ઉપર તાર કર્યો હતો.

### અમદાવાદ.

અમદાવાદ લુણસાવાડાની પોળમાં બિરાજમાન આ. શ્રી વિજયલલિતસૂરિજી મહારાજના અધ્યક્ષપણા નીચે આચાર્યમહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની ૭૧ મી જન્મતિથિ ઉજવવામાં આવી હતી. આચાર્ય મહારાજશ્રીના જીવન ઉપર વિવેચન થયા બાદ ભાઈ ભોગીલાલ કવિ, મૂળચંદભાઇ ઝવેરી વૈરાટી, ફૂલચંદ હરિચંદ દોશી, છોટાલાલ ત્રીકમલાલ વકીલ વગેરે બંધુઓએ આચાર્ય મહારાજના સમાજ ઉપરના ઉપકારો વગેરે માટે વિવેચનો કર્યાં હતા. અધ્યક્ષસ્થાનેથી સુંદર વિવેચન થયું હતું. બપોરના આચાર્ય મહારાજકૃત થી પંચતીર્થની પૂજા ભણાવવામાં આવી હતી.

---

### વ્રતોચ્ચારણ.

અમદાવાદ લુણસાવાડો જૈન ઉપાશ્રયમાં આચાર્ય મહારાજ શ્રી વિજયલલિતસૂરિજી મહારાજશ્રીના શુભ હસ્તે શેઠ ભોગીલાલ છોટાલાલ સુતરીયા તથા તેમના સુપત્ની તથા શેઠ સાંકળચંદ બાલાભાઇ તથા તેમના સુપત્નીએ તા. ૭–૧૧–૪૦ ગુરુવારના રોજ આજીવન બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું હતું.

બપોરના આચાર્ય મહારાજ શ્રીમદ્વિજયવલ્લભ-સૂરીશ્વરજીકૃત બ્રહ્મચર્યવ્રત પૂજા ભણાવવામાં આવી હતી.

રાત્રિના ધર્મજાગરણ કરવામાં આવ્યું હતું અને પ્રભાવનાદિ કરવામાં આવ્યા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નવા થયેલા માનવંતા સભાસદો.

| | | |
|---|---|---|
| ૧ શેઠ વૃજલાલ અમૃતલાલ | બી૦ વ૦ લાઇફ મેમ્બર | ભાવનગર |
| ૨ શેઠ છોટાલાલ લહેરચંદ (ત્રી. વ. લા. મે. માંથી) | ,, | મુંબઇ |
| ૩ શાહ કપૂરચંદ હરિચંદ ( વાર્ષિકમાંથી ) | ,, | ભાવનગર |
| ૪ શેઠ કેશવલાલ દામોદરદાસ ,, | ,, | ,, |
| ૫ વકીલ ચત્રભૂજ જયચંદભાઇ બી. એ. એલ.એલ. બી. (વાર્ષિકમાંથી) | ,, | ,, |
| ૬ શાહ પ્રભુદાસ વૃજલાલ વકીલ | વાર્ષિક મેમ્બર | ,, |

# શ્રી વીશ સ્થાનક તપ પૂજા ( અર્થ સાથે )

## ( વિસ્તારપૂર્વક વિવેચન તથા મંડળ સહિત )

વિસ્તારપૂર્વક વિધિવિધાન, નોટ, ચૈત્યવંદન, સ્તવનો, મંડળો વગેરે અને સાદી સરલ ગુજરાતી ભાષામાં અર્થ સહિત અમોએ પ્રગટ કરેલ છે. વીશ સ્થાનક તપ એ તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરાવનાર મહાન્ તપ છે. તેનું આરાધન કરનાર બહેન તથા બંધુઓ માટે આ ગ્રંથ અતિ મહત્વનો અને ઉપયોગી છે. શ્રી વીશ સ્થાનક તપનું મંડળ છે તેમ કોઇ અત્યાર સુધી જાણતું નહોતું, છતાં અમોએ ઘણી જ શોધખોળ કરી પ્રાચીન ઘણી જ જુની તાડપત્રની પ્રત ઉપરથી મોટો ખર્ચ કરી ફોટો–બ્લોક કરાવી તે મંડળ છપાવી આ બુકમાં દાખલ કરેલ છે. આ એક અમૂલ્ય ( મંડળ ) નવીન વસ્તુ જિનાલય, ઉપાશ્રય, જ્ઞાનભંડાર, લાઇબ્રેરી અને ઘરમાં રાખી પ્રાતઃકાળમાં દર્શન કરવા લાયક સુંદર ચીજ છે.

ઊંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં છપાવી સુશોભિત બાઇન્ડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે, છતાં કિંમત બાર આના માત્ર રાખવામાં આવેલી છે. પોસ્ટેજ અલગ.

# શ્રી મહાવીર જીવનચરિત્ર.

## ( શ્રી ગુણચંદ્રગણિકૃત )

બાર હજાર શ્લોક પ્રમાણ, મૂળ પ્રાકૃત ભાષામાં, વિસ્તારપૂર્વક સુંદર શૈલીમાં, આગમો અને પૂર્વાચાર્યોરચિત અનેક ગ્રંથોમાંથી દોહન કરી શ્રી ગુણચંદ્ર ગણિએ સં. ૧૧૩૯ ની સાલમાં રચેલો આ ગ્રંથ, તેનું સરળ અને ગુજરાતી ભાષાંતર કરી શ્રી મહાવીર જીવનના અમુક પ્રસંગોના ચિત્રોયુક્ત સુંદર અક્ષરોમાં પાકા કપડાના સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર કરી પ્રગટ કરવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં પ્રકટ થયેલ શ્રી મહાવીર ચરિત્રો કરતાં વધારે વિસ્તારવાળો, જીવનના અનેક નહિ પ્રકટ થયેલ જાણવા જેવા પ્રસંગો, પ્રભુના પાંચે કલ્યાણકો, પ્રભુના સત્તાવીશ ભવોના વિસ્તારપૂર્વક વિવેચન અને છેવટે પ્રભુએ સ્થળે સ્થળે આપેલ વિવિધ વિષયો ઉપર બોધદાયક દેશનાઓનો સમાવેશ આ ગ્રંથમાં કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૩–૦–૦ પોસ્ટેજ જુદું.

લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

## નીચેના પ્રાકૃત–સંસ્કૃત ગ્રંથોની ઘણી અલ્પ નકલો જ સિલિકે છે, જેથી જલદી મંગાવવા સૂચના છે.

| | | | |
|---|---|---|---|
| (૧) વસુદેવ હિંડિ પ્રથમ ભાગ | રૂા. ૩–૮–૦ | (૫) બૃહત્કલ્પસૂત્ર ભા. ૩ જો | રૂા. ૫–૮–૦ |
| (૨) ,, દ્વિતીય ભાગ | રૂા. ૩–૮–૦ | (૬) ,, ભા. ૪ થો | રૂા. ૬–૪–૦ |
| (૩) બૃહત્કલ્પસૂત્ર ભા. ૧ લો | રૂા. ૪–૦–૦ | (૭) ,, ભા. ૫ મો | રૂા. ૫ ૦–૦ |
| (૪) ,, ભા. ૨ જો | રૂા. ૬–૦–૦ | (૮) શ્રી દેવેન્દ્રસૂરિકૃત ચાર કર્મગ્રંથ | રૂા. ૨–૦–૦ |

(૯) ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર પર્વ ૧ લું પ્રતાકારે તથા બુકાકારે રૂા. ૧–૮–૦

---

## ગુજરાતી ગ્રંથો.

નીચેના ગુજરાતી ભાષાના કથાના સુંદર પુસ્તકો પણ સિલિકે ઓછા છે. વાંચવાથી આહ્લાદ ઉત્પન્ન કરે તેવા છે. મનુષ્ય સંસ્કારી, ચારિત્રવાન બનતાં આત્મકલ્યાણ સાધી શકે છે. મંગાવી ખાત્રી કરો. બધા પુસ્તકો સુંદર અક્ષરોમાં સુશોભિત કપડાંના પાકા બાઇન્ડીંગથી અલંકૃત અને કેટલાક તો સુંદર ચિત્રો સહિત છે.

| | | | |
|---|---|---|---|
| (૧) શ્રી ચંપકમાળા ચરિત્ર | રૂા. ૦–૮–૦ | (૧૨) શ્રી વિમલનાથ ચરિત્ર | રૂા ૧-૧૨-૦ |
| (૨) શ્રી સમ્યક્ત્વ કૌમુદી | રૂા. ૧–૦–૦ | (૧૩) શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર | રૂા ૧-૧૨-૦ |
| (૩) શ્રી ઉપદેશ સપ્તતિકા | રૂા. ૧–૦–૦ | (૧૪) સુકૃતસાગર (પૃથ્વીકુમાર ચરિત્ર) | રૂા ૧–૦–૦ |
| (૪) સુમુખનૃપાદિ ધર્મ પ્રભાવકોની કથા | રૂા. ૧–૦–૦ | (૧૫) શ્રી પ્રભાવક ચરિત્ર | રૂા ૨–૮–૦ |
| | | (૧૬) શ્રીપાળરાજાનો રાસ સચિત્ર અર્થ સહિત સાદું પૂંઠું | રૂા ૨–૦–૦ |
| (૫) શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર | રૂા. ૨–૦–૦ | ,, રેશમી પૂંઠું | રૂા ૨–૮–૦ |
| (૬) શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૧ લો | રૂા. ૨–૦–૦ | | |
| (૭) ,, ભા. ૨ જો | રૂા ૨–૮–૦ | (૧૭) સતી સુરસુંદરી ચરિત્ર | રૂા ૧–૮–૦ |
| (૮) આદર્શ જૈન સ્ત્રી રત્નો | રૂા. ૨–૦–૦ | (૧૮) શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર | રૂા ૦ ૨–૦ |
| (૯) શ્રી દાનપ્રદીપ | રૂા. ૩–૦–૦ | (૧૯) ,, સોળમો ઉદ્ધાર | રૂા ૦–૪–૦ |
| (૧૦) કુમારપાળ પ્રતિબોધ | રૂા ૩-૧૨-૦ | (૨૦) શ્રી તીર્થંકર ચરિત્ર | રૂા ૦-૧૦-૦ |
| (૧૧) જૈન નરરત્ન ભામાશાહ | રૂા ૨–૦–૦ | (૨૧) શ્રી મહાવીર ચરિત્ર | રૂા ૩–૦–૦ |

## તૈયાર થતાં–છપાતાં ગ્રંથો.

(૧) શ્રી સંઘપતિ ચરિત્ર (ધર્માભ્યુદય) (૨) બૃહત્કલ્પસૂત્ર ભા. ૬ ઠ્ઠો. (૩) કથારત્નકોષ શ્રી દેવભદ્રસૂરિકૃત (૪) શ્રી નિશીથચૂર્ણિ સૂત્ર ભાષ્ય સહિત (૫) વસુદેવ હિંડિ ભા. ૩ જો (૬) શ્રી ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર પર્વ ૨–૩–૪–૫–૬ સાથે (૭) શ્રી મલયગિરિ વ્યાકરણ.

## તૈયાર થતાં ગુજરાતી ગ્રંથો.

(૧) શ્રી વાસુપૂજ્ય ચરિત્ર. (૨) શ્રી આદિનાથ ચરિત્ર (શ્રી પદ્માનંદ મહાકાવ્ય) (૩) શ્રી સંઘપતિ ચરિત્ર.

( આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર. )

For Private And Personal Use Only